**સુવિચાર**
આપણી પાસે કાંઈ ન હોય
એ કરૂણતા નથી.
પરંતુ આપણું કોઈ ન હોય
એ મોટી કરૂણતા છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૫/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૧૮

### શોભાયાત્રા, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો દ્વારા

## અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરનાં ૨૦૫ માં પાટોત્સવની આસ્થાભેર ઉજવણી

### નાગનાથદાદાની શોભાયાત્રા શહેરનાં રાજમાર્ગો પર ફર્યા બાદ મહાઆરતી અને મહાપ્રસાદ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨

અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સુપ્રસિધ્ધ થયેલ અને સ્વયંભુ પ્રગટ થયેલ પૂ. નાગનાથ મહાદેવ મંદિરની સ્થાપનાનાં ૨૦૫ વર્ષ પૂર્ણ થતાં આજે ૨૦૫ માં પાટોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલીનાં હજારો શહેરીજનોને જેના પર અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે તેવા નાગનાથદાદાનાં દર્શન કરીને હજારો શિવભકત શહેરીજનો તેમનાં રોજબરોજનાં કાર્યોનો પ્રારંભ કરે છે. દર વર્ષે સેંકડો નવદંપત્તિઓ પણ નાગનાથદાદાનાં આશીર્વાદ મેળવીને લગ્ન જીવનનો પ્રારંભ કરે છે.

તેવા નાગનાથ મંદિરનાં આજે પાટોત્સવ નિમિત્તે સાંજના સમયે નાગનાથદાદાની શોભાયાત્રા શહેરનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ભૂમિ કિશોરભાઈ દામાણી નામની વિદ્યાર્થીએ ડંકો વગાડયો

## ભૈવાહ : અમરેલી જિલ્લામાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઓકસફર્ડ સ્કુલની વિદ્યાર્થીની A-ગ્રેડ સાથે પ્રથમક્રમે

### જિલ્લામાં કુલ A2 ગ્રેડનાં ૨૨ માંથી ૧૩ પરીક્ષાર્થીઓ ઓક્સફર્ડ સ્કુલનાં



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં ધો. ૧૨ સાયન્સ પરિણામમાં ઓકસફર્ડ સ્કુલની વિદ્યાર્થીની દામાણી ભૂમિ કિશોરભાઈએ A-ગ્રેડ મેળવી સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ઉપરાંત અમરેલી જિલ્લાનાં કુલ ૨૨- A2 ગ્રેડમાંથી ઓકસફર્ડ સ્કુલના ૧૩ વિદ્યાર્થીઓએ A2-ગ્રેડ મેળવ્યો છે. ગુજકેટ પરિણામમાં પણ ઓકસફર્ડ સ્કુલનાં બે વિદ્યાર્થીઓ ભેંસાણીયા પાર્થિવ અને સભાયા મનને ૧૧૩ ગુણ મેળવી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. સંસ્થાનાં કુલ ૧૬૯ વિદ્યાર્થીઓમાંથી ૧૫૧ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયેલ છે. જેમાંથી ૫૮ વિદ્યાર્થીઓએ ૯૦ ઉપર પી.આર. મેળવેલ છે. સમગ્ર અમરેલી જિલ્લામાં શ્રેષ્ઠ પરિણામ મેળવવા બદલ શાળા પરિવાર તમામ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

### ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૩.૨૨ ટકા શ્રેષ્ઠ પરિણામ આવ્યું

## અમરેલીની એસ.એચ. ગજેરા ઉ.માધ્યમિક વિદ્યાસભા સ્કુલનો ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૬ માં વર્ષે પણ દબદબો યથાવત

### સંસ્થાનાં અર્ધો ડઝન પરીક્ષાર્થીઓએ શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કર્યુ



અમરેલી, તા. ૨

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળા અમરેલીએ સતત ૧૬માં વર્ષે શ્રેષ્ઠ પરિણામની અવિરત યાત્રા જાળવી રાખી છે. HSC બોર્ડનું મે-૨૦૨૩નું પરિણામ ૬૫.૫૮% અને અમરેલી જિલ્લાનું પરિણામ ૬૭.૯૧% ત્યારે વિદ્યાસભા એસ.એચ. ગજેરા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ સાયન્સનું પરિણામ ૯૩.૨૨% મેળવી તમામ વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. તે પરિણામ પ્રાપ્ત કરવા માટે સાયન્સ વિભાગનાં શિક્ષકોની ટીમે તનતોડ મહેનત કરી છે. આ મહેનતને સાકર કરવા વિદ્યાર્થીઓએ આ પરિણામ પ્રાપ્ત કરી શિક્ષકોની મહેનતને સાર્થક કરી છે. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ તથા એડમિનીસ્ટ્રેટીવ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ આચાર્ય અને સ્ટાફગણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પરિણામ લાવવા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### હવામાન વિભાગની આગાહી

## અમરેલી જિલ્લામાં આગામી શુક્રવાર સુધી કમોસમી વરસાદની આગાહી

### ખેતી પાકોને સલામત સ્થળોએ ખસેડી લો

અમરેલી તા. ૨

રાજયના સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના અમરેલી, ભાવનગર, બોટાદ, દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લા ઉપરાંત અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, દાહોદ, ગાંધીનગર, મહેસાણા, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, સુરત, વલસાડ સહિતના જિલ્લાઓમાં તા. ૫ મે, ૨૦૨૩ સુધી ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની સંભાવના હોવાની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. હવામાન ખાતાની આ આગાહીના પગલે ખેડૂતોને ખેત ઉત્પાદિત પાક, કાપણી કરેલ પાક તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા સૂચના છે. શાકભાજી તેમજ બાગાયતી પાકોને ઉતારી લેવા તેમજ તૈયાર ખેત પેદાશો તથા ઘાસચારાને સલામત સ્થળે ખસેડવા, એપીએમસી અથવા ખરીદ કેન્દ્ર તેમજ અન્ય ગોડાઉનો ખાતે ખેત જણસીના જથ્થાને સલામત સ્થળે રાખવા તેમજ ખેત જણસીના જથ્થાને કોઈ પ્રકારનું નુકશાન ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવી. વધુ જાણકારી અર્થે

**અનુસંધાન પાના ૬ ઉપર**

મફત - મફત - મફત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ)
દ્વારા (ફ્રી) ૧૫ દિવસ માટે
આયુર્વેદિક મેગા કેમ્પનું આયોજન
નિદાન :- રૂા. ૦.૦૦ (ફ્રી)
દવા :- રૂા. ૦.૦૦ (ફ્રી)
સારવાર :- રૂા. ૦.૦૦ (ફ્રી)
દાખલ ફી :- રૂા. ૦.૦૦ (ફ્રી)
કેરલથી આવેલ સ્પેશીયલ
ડૉ. થુલીયા એમ. (એમ.ડી.આયુ.)
જે નીચે મુજબની સેવાઓ આપશે
પંચકર્મ : નસ્ય, શિરોધારા, વમન, વિરેચન માલિસ, શેક તદ્દન મફત, ડાયાબીટીસ, સાંધાનાં દુખાવા, કમરનાં દુખાવા, હાઈપર એસીડીટી, ડીપ્રેશન, માનસીક તણાવ, વજન ઘટાડવાની સારવાર તદ્દન મફત
તથા તમામ રોગોની સારવાર તદ્દન મફત
નોંધ : તમામ આયુર્વેદિક પંચકર્મ સારવાર તદ્દન વિનામુલ્યે સારવાર કરી આપવામાં આવશે
કેમ્પની તારીખ : ૨૮-૦૪-૨૦૨૩ થી તા. ૧૦-૦૫-૨૦૨૩ સુધી
સમય : સવારનાં ૯ થી ૧/બપોરે ૫ થી ૮ સુધી
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદિક હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૫ - મો. ૯૨૬૫૪ ૬૭૩૯૦

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
દુનિયા તમને એ સમય સુધી ક્યારેય હરાવી નથી શકતી, જ્યાં સુધી તમે ખુદ તમારાથી હારી ના જાઓ...
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

વિદ્યાસભાના વિદ્યાર્થીઓએ મેળવી જવલંત સફળતા...
HSC વિજ્ઞાન પ્રવાહ પરિણામમાં વિદ્યાસભા સ્કૂલનો દબદબો યથાવત...
HSC વિજ્ઞાન પ્રવાહનાં ઝળહળતા સિતારાઓ...
સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા

મોવલીયા રાજ P.R.99.58
બારૈયા યશ P.R.98.15
દેવાણી હર્ષ P.R.98.15
કલસરીયા પ્રતિક P.R.97.03
હીરપરા અતુલ P.R.95.33
ઢોલરીયા જય P.R.93.56
માંગુકિયા ધ્રુવીક P.R.93.32
કોલડીયા ધ્રુવીલ P.R.93.27
ધોળકીયા પ્રતિક P.R.90.50
બુધેલીયા નેન્સી P.R.90.00
બોર્ડના પરિણામમાં છેલ્લા ૧૯ વર્ષથી શ્રેષ્ઠ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા
ધોરણ ૧૧ : સ્કૂલ : હોસ્ટેલ રજીસ્ટ્રેશન શરૂ
સાયન્સ, કોમર્સ, આર્ટસ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ) બોયઝ-ગર્લ્સ
સમગ્ર બોર્ડનું પરિણામ :- 65.58% અમરેલી સેન્ટરનું 67.91% ત્યારે... વિદ્યાસભા અમરેલીનું પરિણામ 93.22%
(૧) ધોરણ - 10 માં A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી પરત તેમજ ધોરણ ૧૧ માં ફી માફી તેમજ ધોરણ ૧૨ માં A1 ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી પરત...
(૨) ૧૦૦ એકરમાં પથરાયેલું અત્યાધુનિક ટેકનોલોજી સાથે સંપૂર્ણ સુવિધાસજ્જ કેમ્પસ તેમજ કેમ્પસ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી ઓછી ફી માં શ્રેષ્ઠ સર્વાંગી શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા.
: સ્કૂલ કાર્યક્ષેત્ર : પ્લેહાઉસ થી ધો. ૧૨ આર્ટસ/કોમર્સ/સાયન્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ (ગર્લ્સ-બોયઝ)
: હોસ્ટેલ કાર્યક્ષેત્ર : ધો. ૪ થી ૧૨ માં ગર્લ્સ અને બોયઝ અલગ અલગ વ્યવસ્થા
એડમીશન હેલ્પલાઈન : મો. ૯૪૨૯૨ ૩૫૩૩૫
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ ફોર સાયન્સ
વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૩૦૫૧૧/૬૧૧/૭૧૧/૮૧૧

### પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ સીએમને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતીપાકોને વ્યાપક નુકસાન : સર્વે કરો

### ખેડૂતોને જે નુકસાની થયેલ છે તેનું વળતર ચુકવો



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં ચાલું ઉનાળાની ઋતુમાં કમોસમી વરસાદ પડવાના લીધે ખેડૂતોને બાગાયતી પાક કેરી તેમજ જુવાર, મકાઈ, બાજરી જેવા પાકને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોએ મોંઘાદાટ બિયારણ, રાસાયણીક ખાતર, જંતુનાશક દવાઓનો ઉપયોગ કરીને પોતાના ખેતરમાં પાકને ઉછેરીને અને માવજત કરીને લણણી લાયક બનાવીને તૈયાર થયો. ત્યારે અચાનક જ કુદરત રૂઠતા ઉનાળાની સીઝનમાં વરસાદ પડતા ખેડૂતોને પોતાનું વર્ષ નિષ્ફળ ગયું છે. ત્યારે ખેડૂતોને આ માવઠાની નુકસાનીમાંથી બેઠા કરવા માટે સરકારમાંથી ત્વરીત સર્વે કરવા તથા નુકસાનીનું યોગ્ય વળતર આપવા પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

### ઈન્ડિયન મેડિકલ એસોસિએશનનાં ઉપપ્રમુખ ડો. ગજેરાની રજૂઆત

# રાજુલામાં ગેરકાયદેસર રીતે સોનોગ્રાફી કરનાર ડોક્ટર વિરૂધ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવા માંગ

### જિલ્લાનાં મુખ્ય આરોગ્ય અધિકારીને ધગધગતો પત્ર પાઠવ્યો

અમરેલી, તા.૨

ઈન્ડિયન મેડિકલ એસો.નાં પશ્ચિમ ઝોનનાં ઉપપ્રમુખ ડો. જી.જે. ગજેરાએ જિલ્લાનાં મુખ્ય આરોગ્ય અધિારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લગભગ ૧૦–૧૨ દિવસ પહેલા રાજુલાની સરર્પણ હોસ્પિટલમાં આર.ડી.ડી.દ્વારા તપાસ કરવામાં આવેલ અને તે વખતે એક ડોકટર અનધિકૃત રીતે સોનોગ્રાફી કરતા અને સોનોગ્રાફી મશીનનાં ઉપયોગ કરતા રંગે હાથ ઝડપાઈ ગયેલ. જે તે વખતે આ ડોકટર અને હસ્પિટલમાં ઉપર કોઈ જ કાયદેસર કોર્ટે કેસ કરવામાં આવ્યો નહિ અને પોલીસમાં એફઆઈઆર પણ કરવામાં આવ્યું નહિ. આજનાં દિવસે આટલા દિવસો ઘટી જવા છતાં પણ કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ ઘરના પીસી અને ડીએનડીટીનાં કાર્યક્ષેત્રમાં આવે છે. છતાં પણ આજ સુધી આ ડીસ્ટ્રીક કમીટીની બેઠક બોલાવવામાં આવેલ નથી. હું આ કમીટીનાં ચેરમેન તરીકે આવને વિનંતી કરૂ છું. કે આ માટે તાત્કાલિક મીટીંગ બોલાવવામાં આવે અને હોસ્પિટલ તથા ડોકટર ઉપર શું પગલા લેવા તે તાત્કાલિક નિર્ણય લઈને આગળની કાર્યવાહી કરવામાં આવે એવી માટ માંગણી છે. તો આ બાબતે ઘટતુ કરવા અંતમાં જણાવેલ છે.

### ભાજપનાં જનપ્રતિનિધિઓ દરમિયાનગીરી કરવાનું ટાળી રહ્યા છે

# ચલાલામાં વહીવટદારનું શાસન આવ્યા બાદ શહેરમાં અઢળક પ્રશ્નો ઉભા થયા : પદાધિકારીનું મૌન

### ચુંટણીવેળા હથેળીમાં ચાંદ બતાવ્યા અને હવે, કોઈ સાંભળવા તૈયાર નથી

ચલાલા, તા. ૨

ચલાલામાં આજે ૧૫ દિવસથી મુસ્બિતોના પહાડ સર્જાયા છે. અને શહેરીજનોને તમામ પ્રકારની પ્રાથમિક સુવિદ્યા મળતી બંધ થઈ છે. ત્યારે ચિફ ઓફિસર અને વહીવટ દાટે આજે પહેલીવાર નગરપાલીકાની મુલાકાત લેવાની તસ્દી લીધી છે. અને એ પણ માત્ર એક કલાક પુરતી ચલાલા નગરપાલિકાને વર્ષોથી માલ સપ્લાય કરે છે. તેવા વેપારીઓને જાણ થતા તમામ વેપારીઓ નગરપાલિકા કચેરીએ દોડી આવ્યા હતા. અને પોતાનાં બાકી નાણાની ઉઘરાણી કર્તા ચિફ ઓફિસરે જણાવ્યું હતું કે મારી કચેરી પાસે કોઈ જ નાણાકીય ભંડોળ નથી. બીજુ બાજુ બહારથી જે સફાઈની ટુકડી મંગાવેલ હતી તે બે દીવસથી આવતી નથી. ગઈકાલ ભારે વરસાદ પડવાથી કચરાનાં ગંજમા ભારે દુર્ગંધ ફેલાતા શેટી – ગલી માથી નિકળવું ભારે મુશ્કેલી પડયું છે. તેમજ રહેણાંકમાં રહેવું મુચીબત સમાન છે. પાણી પુરવઠાના કર્મચારીઓ હડતાલ પર ઉતરીજતા અન્ય માણસો દ્વારા આજે સાવરે અને સાંજે પાણી વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં મહાદેવપરાનાં કુલવાડી પ્લોટ સહીત અન્ય વિસ્તારોમાં પાણી નદી મળતા ત્યાંનાં લોકો પાણી વગરનાં રહયા હતા. અને પુર્વ સદસ્યોને રજુઆતો કરવા દોડી ગયા હતા. આખરે ભાડાનાં ટાંકા મંગાવી શહેરીજનોએ પાણીની વ્યવસ્થા કરી હતી. ચલાલા શહેરની અતી ગંભીર સમસ્યા હલ કરવા શહેરનાં પ્રબુધ્ય નાગરીકોએ આગળ આવવું જોઈએ તેમજ જાહેર હીત માટે જિલ્લા કલેકટર ગ્રાઉન્ડ પરની માહિતી મેળવી ચિફ અને વહીવટદારને તાત્કાલિક તાકીદ કરી યોગ્ય કરવું જોઈએ તેવી શહેરીજનોમાંથી બુંલદ માંગણી થવા પામી છે. અત્યારે શહેરીજનો ત્રસ્ત છે. જયારે રાજકીય મહાનુભાવો મૌન બની તમાસો નીહાળી રહયા છે.

### દામનગર નજીક આવેલ

# મેમદા ગામે દવાનું ઢાંકણું ખોલવા જતાં ઝેરી અસર થવાથી યુવકનું મોત

### ઝેરી દવા રજકામાં છાંટવા માટે તૈયારી કરતા બન્યો બનાવ

અમરેલી, તા. ૨

લાઠી તાલુકાનાં મેમદા ગામે રહેતાં જીતેન્દ્રભાઈ ઉર્ફે મુન્નાભાઈ નાનુભાઈ વઢેળ નામનાં ૩૧ વર્ષિય યુવક ગત તા ૧નાં રોજ સાંજે મેમદા ગામે પોતાની વાડીએ રજકામાં ઝેરી દવા છાંટતા હોય. તે દરમિયાન દવાની બોટલનું ઢાંકણું મોઢેથી ખોલવા જતાં તેમના મોંમાં ઝેરી દવા જતાં ઝેરી અસર થતાં તેમનું મોત નિપજયાનું દામનગર પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### એસપીની સુચનાથી એસઓજીએ કરી કામગીરી

# બાબરામાં અગ્નિશસ્ત્ર હથિયાર સાથે સોશ્યલ મીડિયામાં ફોટો વાયરલ કરનાર શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

### મહેન્દ્રસિંહ ચુડાસમા રે. બાબરા અને વિજયસિંહ યાદવ રે. લાઠીની અટકાયત



અમરેલી, તા. ૨

બાબરા પંથકમાં સોશ્યલ મીડિયાનાં માધ્યમથી લાયસન્સધારક ન હોવા છતાં પણ ૩૨ બોર રીવોલ્વરનાં ફોટા અપલોડ કરી સમાજમાં ભય ફેલાવવાનો ઈરાદો હોય જે અનુસંધાને અપલોડ કરેલ ફોટોગ્રાફવાળા મહેન્દ્રસિંહ ઉર્ફે લાલો ચુડાસમા રે. બાબરા અને વિજયસિંહ યાદવ રે. લાઠીની અટકાયત કરવામાં આવેલ છે.

આમ મજકુર પકડાયેલ બન્ને ઈસમોના કબ્જામાંથી એક ૩૨ બોર રીવોલ્વર (અગ્નિશસ્ત્ર હથિયાર) કિંમત રૂા. ૧,૫૦,૦૦૦નાં મુદામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઈસમો વિરૂધ્ધ આર્મ્સ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે બાબરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસઓજી પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા એસઓજી પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જી. મારૂ તથા એએસઆઈ નાજભાઈ પોપટ તથા હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ મહેતા તથા ગોબરભાઈ લાપા તથા પોલીસ કોન્સ્ટેબલ જીજ્ઞેશભાઈ પોપટાણી તથા જનકભાઈ કુવાડીયા ધ્વારા કરવામાં આવેલ છે.

# બગસરામાં જુગાર રમતાં ૯ પત્તાપ્રેમીઓને પોલીસે ઝડપી લીધા

અમરેલી, તા. ૨

બગસરા તાલુકાનાં જેઠીયાવદર ગામે રહેતા કમલેશભાઈ કાનજીભાઈ સાંગાણી સહિત ૯ જેટલા ઈસમો બગસરા ગામે આવેલ શિવાજી ચોકમાં સોરઠીયા પાસે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે બગસરા પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૨૧૨૪૦ની મતા સાથે નવ ઈસમોને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ

# અમરેલી ખાતે ઝેરી સર્પ દંસની ગંભીર પરિસ્થિતિમાં દર્દીનો આબાદ બચાવ

### ડો. પ્રદિપ બારૈયાએ દિલથી મહેનત કરી



અમરેલી, તા. ૨

જેસીંગપરા અમરેલીનાં ખેડૂત બટુકભાઈ બોરડની જમીન વાવતા પરિવારનાં સદસ્ય શિલ્પાબેનને વરૂડી ખાતેની વાડીમાં ઝેરી સાપે ડંખ મારતા ગંભીર પરિસ્થિતિમાં શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ખસેડવામાં આવ્યા ત્યારે તે બેભાન અવસ્થામાં હતા. તેમને સારવાર દરમિયાન ૩ દિવસ વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા હતા. એમ.ડી. ફીઝીશીયલ ડો. પ્રદિપ બારૈયા, અનેસ્થેટીક ડો. જગદીશ મેર અને નર્સિંગ સ્ટાફની અપ્રતિમ સેવાની ફલશ્રુતિ સ્વરૂપે દર્દીને નવું જીવનદાન મળ્યું. બટુકભાઈ બોરડ ધ્વારા શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનાં પ્રણેતા વસંતભાઈ ગજેરા, ડો. પ્રદિપ બારૈયા, ડો. જગદીશ મેર અને જનરલ હોસ્પિટલનાં નર્સિંગ સ્ટાફનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લાનાં ૪ શિક્ષકોનું સન્માન થયું



અમરેલી, તા. ૨

ડીસા મુકામે ગિજુભાઈ બધેકા રાષ્ટ્રીય શિક્ષક સન્માન સમારોહનું આયોજન કેરલા સ્કૂલ એકડેમી અને ટીમ મંથન સંસ્થા ગુજરાત દ્વારા સમગ્ર દેશના ૧૨૦ જેટલા શિક્ષકોનું સન્માન કરવામાં આવેલ. તેમાં આપણા અમરેલી જિલ્લાના ચાર ઈનોવેટીવ શિક્ષકોની પસંદગી થયેલ જેમાં શિલ્પાબેન દેસાઈ સાવરકુંડલા., મનિષાબેન ચૌહાણ પાણીયા પ્રા.શાળા, ધવલભાઈ જોશી ગોઢાવદર પ્રા.શાળા અને પરેશભાઈ ચાવડા મોટા મુંજીયાસર પ્રા.શાળાની પસંદગી થયેલ તેઓનું સન્માન ૨૭ એપ્રિલના રોજ ઉપરોકત કાર્યક્રમમાં કરવામાં આવેલ તમામ શિક્ષકોની શાળા અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાને આ તકે બિરદાવવામાં આવેલ, તેઓ દ્વારા શિક્ષણ યજ્ઞમાં કરેલ કાર્યને સરાહનીય કાર્ય ગણી તેવા વિશિષ્ટ શિક્ષકોનું સન્માન આ સંસ્થા દ્વારા કરવામાં આવેલ. સમગ્ર દેશના ૧૨ રાજયના વિવિધ વિષયના શિક્ષકોના સન્માન આ કાર્યક્રમમાં કરવામાં આવેલ.

### અમરેલી નજીક આવેલ

# જિલ્લા જેલમાં મહિલા વિભાગમાં કોઈ અજાણ્યો ઈસમ મોબાઈલ ફોનનો ઘા કરી ગયો

### ફોન સાથે બેટરી, ચાર્જર પણ ઘા કર્યો

અમરેલી, તા. ૨

અમરેલી ખાતે આવેલ જિલ્લા જેલમાં ગત તા. ૧/૫ નાં રોજ સવારે કોઈ અજાણ્યો ઈસમ મહિલા વિભાગમાં કાળી પ્લાસ્ટીકની કોથળીમાં તથા થર્મોકોલની વચ્ચે એક મોબાઈલ ફોન, બેટરી–૧ તથા કાળા કલરનું ચાર્જર સાથે જેલની અંદર પ્રતિબંધિત વિસ્તારમાં ઘા કરી જેલનાં જાહેરનામા ભંગ કર્યાની ફરિયાદ જેલર કલ્યાણભાઈ વી. ગઢવીએ સીટી પોલીસમાં નોંધાવી છે.

### કોણ સાંભળશે જન કી બાત

# સાવરકુંડલા શહેરમાં ૨ વર્ષથી બિસ્માર માર્ગે ઉપાડો લીધો હોય સમસ્યા દૂર કરો

### સેંકડો વખત અકસ્માતની ઘટના બની ચુકી છે



સાવરકુંડલા, તા. ૨

છેલ્લા ૨ વર્ષથી સંઘેડીયા બજારમાં ખાડાને લીધે અત્યાર સુધીમાં ૧૧ જેટલા વાહન ચાલકો અકસ્માતનો સામનો કરી ચુકયા છે....!

૨ વર્ષ પહેલાં પાણીની પાઈપ લાઈન નાખતી વખતે અહીં બેલા કાઢી લેવામાં આવ્યા હતા પણ પાણીની પાઈપ લાઈન નાખીને બેલાને સરખી રીતે ન મુકતા અહીં બેલા વચ્ચે જગ્યા થઈ જતા વાહનોના ટાયર અટવાઈ જાય છે અને વાહન ધારકો પડી જાય છે અને નાની મોટી ઈજા થઈ છે.

અહીંના રહીશોએ અત્યાર સુધીમાં અનેક વખત મૌખિક રજૂઆત નગરપાલિકામાં તેમજ સ્થાનીક કાઉન્સીલર તેમજ સ્થાનીક નેતાને કરી પણ કઈ પરિણામ આવ્યું નથી છેલ્લા ૨ વર્ષથી અહીંના રહીશો માનવતાની દ્રષ્ટિએ ૩ થી ૪ વખત જાતે સ્વખર્ચે ખાડા બુર્યા. પણ તંત્ર આ કામ નથી કરી શકયુ અહીંના રહીશો એમ પણ કહે છે કે આ રોડ બે વોર્ડની વચ્ચે હોવાથી કોઈ ધ્યાન નથી આપતું પણ આ રોડ તો સાવરકુંડલા નગરપાલિકાની હદમાં જ આવે છે ને !

હવે કોઈ નગરપાલિકાના સદસ્યો અથવા મોટા નેતા અહીં પડશે ત્યારે આ ખાડા બુરાશે તેવી વાતો થઈ રહી છે.

# ગુજરાત સ્થાપનાદિને લેખક ગિરધરભાઈ સોલંકીની ભાવવંદના



બગસરા, તા. ૨

ગુજરાતનાં ૬૪માં સ્થાપના દિવસે દર વર્ષની શિવાગૃપ બગસરા દ્વારા બગસરામાં સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરનાર કવિ, લેખકની ભાવવંદના કરવામાં આવે છે. જેમાં આ વર્ષે બગસરાની અસ્મિતાનાં લેખક ગિરધરભાઈ સોલંકીને સન્માનિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શિવાગૃપના પ્રમુખ નિતેષ ડોડીઆ, દિનેશભાઈ હડીયલ, અનીલભાઈ નકુમ સહિતના હસ્તે ઝવેરચંદ મેઘાણીજીના મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવેલ.

### તલ, મગ, અડદ, બાજરી સહિતનાં પાકને નુકસાન

# બગસરા પંથકમાં એક અઠવાડીયાથી સતત કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત

### ખેડૂતોને થયેલ નુકસાનીનું સર્વે કરી વળતર ચૂકવવા માંગ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરા તાલુકામાં સાત દિવસ થયા માવઠારૂપે વરસાદ વરસી રહ્યો છે ત્યારે ખેડૂતોને માવઠાનો માર સહન કરવાનો વારો આવ્યો છે. આવા માવઠારૂપે વરસાદ વરસે ખેડૂતોને તલ, મગ, અડદ તેમજ બાજરો ઉનાળ પાકમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. જેથી કરી સરકારએ સર્વે કરી ખેડૂતોને આ સમયે મદદ કરવી જોઈએ. આ યાદી બગસરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દુધાતે જણાવેલી છે.

## દેશની ૧૪૨ કરોડ જનતાને પણ કરોડો સવાલો પજવી રહ્યાં છે

# મહિનામાં એકાદવાર ''જન કી બાત''નું પણ નેતાઓએ શ્રવણ કરવું જરૂરી

**લોકશાહી શાસન વ્યવસ્થામાં ''જન કી બાત''નું સૌથી વધુ મહત્વ માનવામાં આવતું હોય છે**

**મહિનાનાં પ્રથમ રવિવારે દેશની જનતા તેમના પ્રશ્નો રજૂ કરે અને અંતનાં રવિવારે નેતાઓ તેનો જવાબ આપે તે જરૂરી**

**જન અને મનની વાત પછી કામની વાત થાય તેવું પણ આયોજન થાય તો દેશ વિશ્વગુરૂ બની શકે**

**માત્ર જનતા કે માત્ર નેતાઓ વાત કર્યા કરે એના બદલે બન્ને એકબીજાની વાત સાંભળે અને બાદ પ્રશ્નોનું નિરાકરણ પણ જરૂરી**

અમરેલી, તા. ૨

સમગ્ર દેશમાં આજે પ્રધાનમંત્રીનાં ''મન કી બાત'' ને લઈને ચર્ચાઓ જોવા મળે છે. એક સર્વે મુજબ ૧૦૦ કરોડ દેશવાસીઓએ એકાદ વખત તો પ્રધાનમંત્રીની ''મન કી બાત''નું શ્રવણ કર્યુ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ૧૦૦માં એપિસોડનું શ્રવણ પણ કરોડો દેશવાસીઓએ કરીને ધન્યતા અનુભવી છે.

હવે લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રધાનમંત્રીની ''મન કી બાત''નું શ્રવણ સતાધીશો કરે તે અત્યંત જરૂરી છે. જે રીતે મહિનાનાં અંતિમ રવિવારે પ્રધાનમંત્રીની ''મન કી બાત''નું શ્રવણ જાહેર માધ્યમોથી દેશવાસીઓ કરે છે તેવી જ રીતે પ્રથમ રવિવારે જાહેર માધ્યમોથી જનતા પણ તેમના ''મન કી બાત''નું શ્રવણ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, સાંસદ કે ધારાસભ્ય કરે અને દેશની જનતા જે પ્રશ્નો રજૂ કરે કે નેતાઓને માર્ગદર્શન આપે તેનું પાલન નેતાઓ કરે અને નેતાઓની સલાહનું પાલન જનતા કરે તો જ દેશની જનતાનાં પ્રશ્નનું નિરાકરણ થાય, દેશનો સર્વાંગી વિકાસ થાય તેવું બુધ્ધિજીવીઓ માની રહ્યા છે.

---

### આધુનિક યુગમાં પણ અમુક બીમારી પરેશાન કરે છે

## ચલાલાનાં વૃધ્ધે બીમારીથી કંટાળીને ઝેરી દવા ગટગટાવી અંતિમવાટ પકડી

**૨ વર્ષથી બીમારીનો સામનો કરી રહ્યા હતા**

અમરેલી, તા. ૨, ચલાલા ગામે રહેતા દેવશંકરભાઈ નાનજીભાઈ બોરીસાગર નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધને છેલ્લા બે-એક વર્ષ પહેલા પેરાલીસીસનો હુમલો આવેલ હોય. જે બીમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી લેતા વૃધ્ધનું સારવાર દરમિયાન મોત નિપજયાનું ચલાલા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## વડિયા : જોટવા પરિવારના લાડકવાયા દીકરા ''શિવ''નો આજે જન્મદિવસ



વડિયા, તા. ૨

વડિયામાં રહેતા શિક્ષક અને પત્રકાર તરીકે જાણીતા ડો. કિરીટ જોટવાના લાડકવાયા દીકરા શિવનો જન્મ ૦૩/૦૫/૨૦૧૬નાં રોજ થયો હતો. આજે તેઓ જિંદગીની શરૂઆતનાં સાત વર્ષ પૂર્ણ કરી આઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. ત્યારે આજના તેમના જન્મદિવસે તેઓ ભવિષ્યમાં માતાપિતા અને પરિવાર પાસેથી સારા સંસ્કાર મેળવી દેશદાજ સાથે એક ઉત્તમ નાગરિક બની પરિવારનું નામ રોશન કરે અને પોતાની શકિતઓ દેશના વિકાસમાં ઉપયોગી બનાવે તેવી ઈસ્ટદેવ દ્વારિકાધીશ અને માં મોગલને પ્રાર્થના સાથે લાડકવાયા શિવને જન્મદિવસની શુભકામના.

---

### લાઠી નજીક આવેલ

## પાડરશીંગા ગામ પાસે છકડો રીક્ષા પલટી મારી જતાં શ્રમિકનું મૃત્યુ

**મજૂરી કામ પુરૂ કરી પરત આવતા હતા ત્યારે બન્યો બનાવ**

અમરેલી, તા. ૨

લાઠી ગામે રહેતા હાજાભાઈ ભુવા તથા અન્ય મજૂર માણસો આજે સવારે લાઠીથી પાલીતાણા તાલુકાનાં હલીગીરી ગામે સ્લેબ ભરવાનાં મજૂરી કામે ગયા હતા. ત્યારે કામ પુરૂ કરી આ તમામ શ્રમિકો ગઈકાલે સાંજના સમયે પરત છકડો રીક્ષા નંબર જી.જે.-૧૪ ડબલ્યુ ૪૮૯૫ માં બેસી આવી રહ્યા હતા ત્યારે લાઠી તાલુકાનાં પાડરશીંગા ગામ નજીક પહોંચતા છકડો રીક્ષાનાં ચાલક ભરતભાઈ રાઘવભાઈ સોલંકીએ રીક્ષા ઉપરનો કાબુ ગુમાવી દેતા છકડો રીક્ષા પલટી જતાં રીક્ષાની પાછળનાં ભાગે બેઠેલ હાજાભાઈ ભુવાને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતુ. જયારે આ છકડો રીક્ષામાં બેઠેલા મહેબુબભાઈ સતારભાઈ મકરાણીને પણ નાની-મોટી ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે. આ બનાવમાં મૃતકનાં પુત્રએ રીક્ષા ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### લાઠી નજીક આવેલ

## માલવીયા-પીપરીયા ગામની સીમમાં કોઈ અગમ્ય કારણોસર યુવકે ગળાફાંસો ખાધો

**પોતાના રહેણાંક મકાને પગલું ભરી લીધુ**

અમરેલી, તા. ૨, લાઠી તાલુકાનાં માલવીયા-પીપરીયા ગામની સીમમાં આવેલ ક્રિસ્ટલ ઓઈલ મીલમાં રહેતા કમલેશભાઈ ચીમનભાઈ પટેલ નામનાં ૩૧ વર્ષિય યુવકે ગત તા. ૧નાં રોજ સવારે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ગળ ફાંસો ખાઈ લેતા તેમનું મોત થયાનું લાઠી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## સા.કુંડલા : કમોસમી વરસાદને કારણે ખેડૂતમાં હતાશા અને નિરાશાનો માહોલ



સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા પંથકમાં મેરીયાણા, ખડસલી, ભંમર, ગાધકડા, લીખાળા જેવા આસપાસના તમામ વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાના કારણે ખેડૂતો ત્રાહિમામ પોકારી રહ્યા છે. પાક તૈયાર થતાંની સાથે જ કમોસમી વરસાદી માહોલને કારણે આ તમામ પાકને નિષ્ફળ કરી દીધો છે સતત ત્રણ ત્રણ કલાક પડેલા વરસાદને કારણે બાજરી તલ જેવા પાકો નિષ્ફળ ગયા છે. તેવા સમયે મેરીયાણાના ગામના સરપંચ હિતેશભાઈ ખતરાણી દ્વારા તેમજ ગામના ખેડૂતો દ્વારા સરકાર પાસે સર્વેની માંગણી કરી તત્કાલ ખેડૂતોને નુકસાનીનું વળતર મળે તેવી લોકો માંગણી કરી રહ્યા છે તેમ અનિરૂધ્ધ ત્રિવેદી ખડસલીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

### બગસરાનાં લુંધીયા ગામે

## કૂવો ઉંડો ઉતારવાની કામગીરી કરતાં અચાનક ધડાકો થતાં ૧નું મોત : ૧ ઘાયલ

**પિતાની નજર સામે પુત્રનું ગંભીર ઈજાથી મોત**

અમરેલી, તા. ૨

મુળ રાજસ્થાનનાં વતની અને હાલ બગસરા તાલુકાનાં લુંધીયા ગામે રહેતા અનિલભાઈ ઉર્ફે કીરત ભગવાનસિંહ રાવત તથા તેમનાં પિતા ભગવાનસિંહ પીથાસિંહ રાવત ગત તા. ૧ નાં રોજ બપોરનાં બે વાગ્યાનાં સમયે લુંધીયા ગામે આવેલ રાજેશભાઈ ગોબરભાઈ ભેંસાણીયાની વાડીએ કૂવો ઉંડો કરવાનું કામ કરતા હોય અને કૂવામાં રહેલ પથ્થર તોડવા માટે ટોટા લઈ કૂવામાં ઉતરેલ હતા. તે દરમિયાન કૂવામાં કામ કરતી વખતે કોઈપણ કારણોસર ધડાકો થતાં ભગવાનસિંહ રાવતને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી જયારે અનિલભાઈ ઉર્ફે કીરતને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતું.

---

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, આશ્રમનાં પ્રણેતા મુકેશ સંઘાણીની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે નિર્માણાધીન તપોવન આશ્રમને પૂર્વ ધારાસભ્યનાં પરિવાર દ્વારા આર્થિક સહયોગ

**ગૌતમભાઈ વરૂ સહિતનાં પરિવારજનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૨

જેના પર જય શ્યામની કૃપા સતત વરસે છે ઉપરાંત અનેક સેવા પ્રવૃત્તિઓ સાથે વણાયેલા તુલસીશ્યામ સંસ્થાના પ્રમુખ અને માજી ધારાસભ્ય સ્વ. પ્રતાપભાઈ વરૂ પરિવાર તરફથી અમરેલી જિલ્લાની ગૌરવંતી સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમના સેવાકાર્યમાં રૂા. ૫૧૦૦૦ હજારનું દાન અપર્ણ કરીને શ્યામ સેવા અપર્ણ કરી છે.

ઈફકો-ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી, સારહી તપોવન આશ્રમના પ્રણેતા મુકેશભાઈ સંઘાણીની હાજરીમાં ચેક અપર્ણ કરતા ગૌતમભાઈ સુરગભાઈ વરૂ, ભોળાભાઈ નનકુભાઈ વરૂ, મહેશભાઈ કિરણભાઈ વરૂ, દેવાભાઈ કિરણભાઈ વરૂ, વિરભદ્રભાઈ ભોળાભાઈ વરૂ, મંગળુભાઈ ખુમાણ, અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, સુરેશભાઈ શેખવા, શરદભાઈ પંડયા, ભગીરથભાઈ ત્રિવેદી સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

---


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**

મેડીકલેઈમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.


કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

























### ડમી ઉમેદવાર કાંડનો મામલો

# યુવરાજ સિંહે દહેગામમાં પ્લોટ ખરીદ્યો હોવાની કરી કબૂલાત

## પોલીસે આ કેસમાં કુલ રુપિયા ૭૩.૫ લાખ કબજે કર્યા છે અને ઝડપાયેલા આરોપીઓમાં મોટા ભાગના સરકારી કર્મચારીઓ છે

રાજકોટ, તા.૨૯

આમ આદમી પાર્ટીના યુથ વિંગના નેતા યુવરાજ સિંહ જાડેજા વિરુદ્ધ એક કરોડ રુપિયાની ખંડણી મામલે તપાસમાં મોટો ખુલાસો થયો છે. યુવરાજ સિંહે પોલીસ તપાસમાં ખુલાસો કર્યો છે કે, તેણે આ પૈસાથી ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક એક પ્લોટ ખરીદ્યો હતો. તપાસકર્તાઓની ટીમના સૂત્રોએ જણાવ્યું કે, આ ઘટસ્ફોટને ચકાસવા અને સરકારી રેકોર્ડ તપાસવા માટે તપાસકર્તાઓની એક ટીમે દહેગામમાં પડાવ નાખ્યો છે. યુવરાજ સિંહે ખંડણીની વસૂલી કર્યા બાદ જમીનનો સોદો કર્યો હતો. આ ઉપરાંત આ કેસમાં શુક્રવારે છઠ્ઠા આરોપી અલ્ફાઝ ખાન ઉર્ફે રાજુની પણ પોલીસે ધરપકડ કરી છે. સાથે જ ફરિયાદમાં જે આરોપીઓના નામ હતા તે તમામ છ લોકો હવે પોલીસ કસ્ટડીમાં છે. અલ્ફાઝ ખાનને યુવરાજ સિંહના જાડેજા સાળા કાનભા ગોહિલ દ્વારા આ કાંડમાં સામેલ કરવામાં આવ્યો હતો, કારણ કે તે એક સામાન્ય મજૂર હતો અને જાણીતો ચહેરો નહોતો. પોલીસના જણાવ્યા મુજબ, યુવરાજ સિંહના સાળા અને અન્ય આરોપી ઘનશ્યામ લાધવાએ ડમી ઉમેદવાર રેકેટના બે મુખ્ય સૂત્રધાર પ્રકાશ ઉર્ફે પીકે દવે અને પ્રદિપ બારૈયા સાથે કરેલી બેઠકમાં અલ્ફાઝ પણ હાજર રહ્યો હતો. તેઓએ કથિત રીતે અલગ અલગ બેઠક કર્યા બાદ પીકે દવે પાસેથી રુપિયા ૪૫ લાખ અને બારૈયા પાસેથી રુપિયા ૫૫ લાખ વસૂલ્યા હતા. કથિત રીતે યુવરાજ સિંહ જાડેજા દ્વારા રેકેટમાં ડમી ઉમેદવારોના નામ જાહેર ન કરવા માટે રુપિયા માંગવામાં આવ્યા હતા. યુવરાજ સિંહે ગઈ પાંચમી એપ્રિલના રોજ ગાંધીનગરમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને આ રેકેટની વાત કરી હતી. ડમી ઉમેદવાર રેકેટમાં ગઈ ૧૪ એપ્રિલના રોજ ફરિયાદ નોંધાઈ હતી અને આ કેસમાં ધરપકડની સંખ્યા વધી હતી. આ ગુનામાં ૫૨ લોકો સામેલ હોવાનું ખુલ્યું હતું અને તેમાંથી ૩૨ લોકો સામે ફરિયાદ થઈ હતી. એક અધિકારીએ જણાવ્યું કે, અલ્ફાઝ ઉર્ફે રાજુ લાંબા સમયથી કાનભા ગોહિલનો દોસ્ત હતો અને તે પીકે દવે તથા બારૈયાની સાથે યોજાયેલી બેઠકમાં પણ હાજર રહ્યો હતો. આ બેઠકમાં રુપિયાની ડીલ થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પોલીસ આરકે નામના શખસને અને અન્ય એક વચેટિયાને શોધી રહી છે. જ્યારે ૨૧ એપ્રિલના રોજ ખંડણીની ફરિયાદ નોંધાઈ ત્યારથી પોલીસે કુલ ૭૩.૫ લાખ રુપિયા કબજે કર્યા છે. શુક્રવારના રોજ પોલીસે વધુ ત્રણ લાખ રુપિયા કબજે કર્યા હતા, જે શિવુભાએ તેના એક પરિચિતને આપ્યા હતા. ભાવનગરના કલંકિત ડમી ઉમેદવાર કાંડમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા કલ્પેશ જાની નામના એક સરકારી સ્કૂલના શિક્ષકની પણ ધરપકડ કરવામાં આવી છે. આ સાથે ધરપકડનો આંકડો ૩૩ પર પહોંચી ગયો છે. કલ્પેશ જાની ઉદેપુરમાં નોકરી કરતો હતો અને સરકારી પરીક્ષા પાસ કરાવવા માટે એક ડમીને કામ પર રાખતો હતો. ધરપકડ કરવામાં આવેલાં ૩૩ માંથી ૧૫ જેટલાં આરોપીઓ સરકારી કર્મચારીઓ છે. જેઓએ નોકરી મેળવવા માટે અનૈતિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો.

### ગુજરાતને પાછળ રાખી બીજા ક્રમે પહોંચ્યું

# લખનૌએ શાનદાર પ્રદર્શન કરતાં પંજાબને ૫૬ રને પરાજય આપ્યો

નવી દિલ્હી, તા.૨૯

કાયલે માયર્સ અને માર્કસ સ્ટોઈનિસની આક્રમક અડધી સદી બાદ બોલર્સે કરેલા શાનદાર પ્રદર્શનની મદદથી લખનૌ સુપર જાયન્ટ્સ ટીમે પંજાબ કિંગ્સ સામે ૫૬ રને શાનદાર વિજય નોંધાવ્યો હતો. આ વિજય સાથે જ લખનૌ સુપર જાયન્ટ્સ ટીમ પોઈન્ટ ટેબલમાં ગુજરાતને પાછળ રાખીને બીજા સ્થાને પહોંચી ગઈ છે. આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩માં શુક્રવારે મોહાલીમાં રમાયેલી મેચમાં લખનૌએ બેટિંગ અને બોલિંગ બંનેમાં અદ્દભુત પ્રદર્શન કર્યું હતું. પંજાબે ટોસ જીતીને લખનૌ સુપર જાયન્ટ્સને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. લખનૌએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૫૭ રનનો જંગી સ્કોર ખડક્યો હતો. જે આઈપીએલના ઈતિહાસનો બીજો સૌથી મોટો સ્કોર છે. ૨૫૮ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાનમાં ઉતરેલી પંજાબની ટીમ ક્યારેય મેચમાં પાછી ફરી શકી ન હતી. પંજાબની ટીમ ૧૯.૫ ઓવરમાં ૨૦૧ રનના સ્કોરે ઓલ-આઉટ થઈ ગઈ હતી. પંજાબ કિંગ્સના બોલર્સ નિષ્ફળ રહ્યા હતા જેના કારણે ટીમ સામે ૨૫૮ રનનો તોતિંગ લક્ષ્યાંક આવ્યો હતો. જોકે, બોલર્સે નિરાશ કર્યા બાદ બેટર્સે પણ નિરાશ કર્યા હતા. પ્રભસિમરન સિંહ અને કેપ્ટન શિખર ધવનની ઓપનિંગ જોડી સસ્તામાં આઉટ થઈ ગઈ હતી. ધવન એક રન અને પ્રભસિમરન નવ રન નોંધાવીને આઉટ થયા હતા. અથર્વ ટાઈડેએ ૩૬ બોલમાં ૬૬ રન ફટકાર્યા હતા પરંતુ વિશાળ લક્ષ્યાંક સામે તે પૂરતા ન હતા. આ ઉપરાંત સિકંદર રઝાએ ૩૬, લિયામ લિવિંગસ્ટોને ૨૩, જિતેષ શર્માએ ૨૪ અને સેમ કરને ૨૧ રનનું યોગદાન આપ્યું હતું. લખનૌ માટે યશ ઠાકુરે ચાર, નવીન-ઉલ-હકે ત્રણ, રવિ બિશ્નોઈએ બે તથા માર્કસ સ્ટોઈનિસે એક વિકેટ ઝડપી હતી. લખનૌ માટે ચાર બેટ્સમેનોએ ધમાકેદાર અંદાજમાં બેટિંગ કરી હતી. સૌથી પહેલા તો ઓપનર કાયલે માયર્સે તોફાન મચાવ્યું હતું.

તેણે ૨૦ બોલમાં જ અડધી સદી ફટકારી દીધી હતી. માયર્સે ૨૪ બોલમાં સાત ચોગ્ગા અને ચાર સિક્સરની મદદથી ૫૪ રન ફટકાર્યા હતા. જ્યારે માર્કસ સ્ટોઈનિસે પણ ૩૦ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ટીમ માટે સર્વોચ્ચ સ્કોર નોંધાવતા ૪૦ બોલમાં ૭૨ રન ફટકાર્યા હતા. જેમાં છ ચોગ્ગા અને પાંચ સિક્સર સામેલ હતી. જ્યારે આયુષ બદોનીએ પણ ૨૪ બોલમાં ત્રણ ચોગ્ગા અને ત્રણ સિક્સરની મદદથી ૪૩ રન ફટકાર્યા હતા. અંતિમ ઓવર્સમાં વિકેટકીપર બેટર નિકોલસ પૂરને પણ ઝંઝાવાતી અંદાજમાં બેટિંગ કરી હતી. તેણે ૧૯ બોલમાં ૪૫ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. જેમાં સાત ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી. જ્યારે દીપક હૂડાએ છ બોલમાં અણનમ ૧૧ રનનું યોગદાન આપ્યું હતું. જ્યારે કેપ્ટન લોકેશ રાહુલ ૧૨ રન નોંધાવીને આઉટ થયો હતો. પંજાબ માટે કાગિસો રબાડાએ બે તથા અર્શદીપ સિંહ, સેમ કરન અને લિવિંગસ્ટોને એક-એક વિકેટ ઝડપી હતી.

### વહેલી સવારે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યાં

# અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગથી લોકો સવારે વહેલા જાગ્યા

## ભર ઉનાળે અમદાવાદના ચાંદખેડા, બાપુનગર, મણિનગર, શ્યામલ, જોધપુર, ઘાટલોડિયા, ચાંદલોડિયા, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે શુક્રવારની સાંજથી અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો. શુક્રવારની સાંજથી જ અમદાવાદના આકાશમાં વાદળો ઘેરાયા હતા. જે બાદ સૂસવાટા મારતો પવન પણ વહેતો થયો હતો.

આખરે શનિવારની વહેલી સવારે અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વહેલી સવારે જ અમદાવાદના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક વિસ્તારોમાં માવઠું પડ્યું હતું. ભર ઉનાળે રાજ્યમાં કમોસમી વરસાદ પડતાં થોડી ઠંડક અનુભવાઈ હતી. બીજી તરફ, હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે, આગામી દિવસોમાં રાજ્યના કેટલાંક વિસ્તારોમાં હજુ પણ કમોસમી વરસાદ પડી શકે છે.

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. શુક્રવારે પણ રાજ્યનાં કેટલાંક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. શુક્રવારે સાંજે પણ અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો. શુક્રવારે સાંજે અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો. ત્યારે શનિવારે અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શનિવારે વહેલી સવારે અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટાં પડ્યા હતા. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમના કેટલાંક વિસ્તારોમાં વહેલી સવારે વરસાદી ઝાપટાં પડ્યાં હતા.

ગુજરાતના અનેક વિસ્તારમાં આ રીતે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદનાં અનેક વિસ્તારોમાં વીજળીનાં કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભર ઉનાળે જ વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં પણ ચિંતા જોવા મળી હતી. અમદાવાદના ચાંદખેડા, બાપુનગર, મણિનગર, શ્યામલ, જોધપુર, ઘાટલોડિયા, ચાંદલોડિયા, થલતેજ, એસજી હાઈવે, વટવા, નારોલ, સીટીએમ, ગાંધીનગર, ઈનસપુર, બોપલ, વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો.

અચાનક વાતાવરણમાં પલટો અને વરસાદી ઝાપટાં પડતાં કેટલાંક લોકોને ફરીથી રેઈનકોટ કાઢવાનો વારો આવ્યો હતો. તો કેટલીક જગ્યાએ કેટલાંક વાહન ચાલકો વરસાદના કારણે સ્લીપ ખાઈને પડી ગયા હોવાની ઘટના પણ બની હતી. જો કે, અચાનક વાતાવરણમાં આવેલો પલટો અને વરસાદી ઝાપટાં પડ્યા બાદ ગરમીથી આંશિક રાહત મળી હતી. બીજી તરફ, ઈડર, વડાલી, સાબરકાંઠાના કેટલાંક વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

એપ્રિલ મહિનામાં સામાન્ય રીતે કાળઝાળ ગરમી પડે છે ત્યારે આ વખતે તાપ અને હિટવેવની જગ્યાએ માવઠાનો માર લોકોને પલાડી રહ્યો છે.

હવામાન વિભાગે બીજી મે સુધી રાજ્યમાં માવઠાની આગાહી કરી છે. ત્યારે આજે સવારથી જ અમદાવાદના અનેક શહેરોમાં ધોધમાર કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જ્યારે આજે રાજ્યનાં મોટાભાગના વિસ્તારોમાં માવઠાની આગાહી છે. જેના કારણે ખેડૂતોની ચિંતામાં ભારે વધારો થયો છે.

### વિજય શંકરની તોફાની અડધી સદી

# ગુજરાતે કોલકાતા સામે સાત વિકેટે આસાન વિજય નોંધાવ્યો

## આ વિજય સાથે જ ગુજરાતની ટીમ રાજસ્થાન રોયલ્સને પાછળ રાખીને પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી

કોલકત્તા, તા.૨૯

વિજય શંકરની તોફાની અડધી સદી તથા શુભમન ગિલ અને ડેવિડ મિલરની આક્રમક બેટિંગની મદદથી ગુજરાત ટાઈટન્સ ટીમે પોતાનું વિજય અભિયાન જારી રાખ્યું છે. આ વિજય સાથે જ ગુજરાત ટાઈટન્સની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પહોંચી ગયું છે. ગુજરાતની ટીમે આઠમાંથી છ મેચ જીતી છે અને તેની પાસે ૧૨ પોઈન્ટ છે. આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩માં શનિવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ મેદાન પર રમાયેલી મેચમાં ગુજરાત ટાઈટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે સાત વિકેટે આસાન વિજય નોંધાવ્યો હતો. ગુજરાતે ટોસ જીતીને કોલકાતાને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. અફઘાનિસ્તાની ઓપનર રહેમાનુલ્લાહ ગુરબાઝની તોફાની અડધી સદીની મદદથી કોલકાતાએ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૯ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ગુજરાતની ટીમે ૧૭.૫ ઓવરમાં ફક્ત ત્રણ વિકેટે ૧૮૦ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી.

ગુજરાત સામે ૧૮૦ રનનો લક્ષ્યાંક હતો પરંતુ ઓપનર શુભમન ગિલ, વિજય શંકર અને ડેવિડ મિલરની આક્રમક બેટિંગની મદદથી આ લક્ષ્યાંક આસાન બની ગયો હતો. ટીમની શરૂઆત ખરાબ રહી હતી. રિદ્ધિમાન સહા ૧૦ બોલમાં ૧૦ રન નોંધાવીને આઉટ થયો હતો. ઓપનર શુભમન ગિલ અને કેપ્ટન હાર્દિક પંડ્યાએ ત્યારબાદ બાજી સંભાળી હતી. હાર્દિક પંડ્યા ૨૦ બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૨૬ રન ફટકારીને આઉટ થઈ ગયો હતો. શુભમન ગિલ શાનદાર બેટિંગ કરી રહ્યો હતો પરંતુ તે એક રનથી પોતાની અડધી સદી ચૂકી ગયો હતો. તેણે ૩૫ બોલમાં ૪૯ રન નોંધાવ્યા હતા જેમાં આઠ ચોગ્ગા સામેલ હતા.

શુભમન આઉટ થયા બાદ વિજય શંકર અને ડેવિડ મિલરે તોફાની બેટિંગ કરીને ટીમને આસાન વિજય અપાવ્યો હતો. આ જોડીએ ૮૭ રનની અતૂટ ભાગીદારી નોંધાવી હતી. જેમાં વિજય શંકર પોતાની અડધી સદી પૂરી કરવામાં સફળ રહ્યો હતો. વિજય શંકરે ૨૪ બોલમાં ૫૧ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જેમાં બે ચોગ્ગા અને પાંચ સિક્સર સામેલ હતી. જ્યારે ડેવિડ મિલરે ૧૮ બોલમાં બે ચોગ્ગા અને બે સિક્સરની મદદથી અણનમ ૩૨ રન ફટકાર્યા હતા. કોલકાતા માટે હર્ષિત રાણા, આન્દ્રે રસેલ અને સુનીલ નરૈને એક-એક વિકેટ ઝડપી હતી.

ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને કોલકાતા નાઈટ રાઈડર્સને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. કોલકાતા માટે વિકેટકીપર ઓપનર રહેમાનુલ્લાહ ગુરબાઝે ઝંઝાવાતી બેટિંગ કરી હતી. જેના કારણે કોલકાતા ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૯ રનનો સ્કોર નોંધાવવામાં સફળ રહ્યું હતું. એન જગદીશન અને ગુરબાઝની ઓપનિંગ જોડીએ ટીમને સારી શરૂઆત અપાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ટીમનો સ્કોર ૨૩ રન હતો ત્યારે જગદીશન આઉટ થઈ ગયો હતો. તેણે ૧૫ બોલમાં ચાર ચોગ્ગા સાથે ૧૯ રન નોંધાવ્યા હતા. જ્યારે ગુરબાજે આક્રમક બેટિંગ જારી રાખી હતી.

જોકે, સામે છેડે બાદમાં ઉપરા-ઉપરી વિકેટો પડી રહી હતી. શાર્દૂલ ઠાકુર ખાતું ખોલાવ્યા વગર પેવેલિયન ભેગો થયો હતો. જ્યારે વેંકટેશ ઐય્યરે ૧૧ અને કેપ્ટન નિતિશ રાણાએ ચાર રનનું યોગદાન આપ્યું હતું. આ દરમિયાન ગુરબાઝે પોતાની અડધી સદી પૂરી કરી હતી. ગુરબાજે ૩૯ બોલમાં ૮૧ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા અને સાત સિક્સર સામેલ હતી. રિંકુ સિંહે ૧૯ અને આન્દ્રે રસેલે ૧૯ બોલમાં ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. ગુજરાત માટે મોહમ્મદ શમીએ સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે જોશુઆ લિટલ અને નૂર અહેમદે બે-બે વિકેટ પોતાના નામે કરી હતી.

### સૌરાષ્ટ્રના ખેડૂતોને પડતા પર પાટુ

# માવઠાને કારણે ઉનાળુ પાક સારો જવાની આશા પર પાણી ફરી વળ્યું

રાજકોટ, તા.૨૯

સૌરાષ્ટ્રમાં માવઠાની સ્થિતિને કારણે ખેડૂતોને પારાવાર નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોને ઉનાળુ પાક સારો થવાની આશા હતી પરંતુ એ આશા પર પણ કમોસમી વરસાદે પાણી ફેરવી દીધુ છે. ખેડૂતોને આ સિઝનમાં પણ મોઢા સુધી આવેલો કોળિયો જાણે છીનવાયો છે.રાજકોટના ધોરાજીન ા ખેડૂતોએ ઉનાળુ પાકમાં મગફળી, સોયાબીન, એરંડા, તલ અને મગ જેવા પાકનું વાવેતર કર્યું હતું. પરંતુ તેના પર કમોસમી વરસાદને કારણે પાણી ફરી વળ્યું છે. સતત પડી રહેલા માવઠાને કારણે ખેડૂતોને પડતા પર પાટુ પડ્યુ છે. ધોરાજી પંથકમાં આ વર્ષે પુષ્કળ પ્રમાણમાં તલનું વાવેતર થયું હતું અને ખેડૂતોએ એક વીઘા દીઠ ૫૦૦૦થી ૬૦૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. પરંતુ માવઠાને કારણે ત્રણ મહિનાની મહેનત પર પાણી ફરી વળ્યા છે.ગોંડલમાં પડેલા માવઠાએ ફરી એક વખત ખેડૂતોની મુશ્કેલી વધારી. યાર્ડની બેદરકારીને કારણે ખેડૂતોને ફરી આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો. ગોંડલ પંથકમાં ગત રાત્રે ભારે વરસાદ વરસ્યો. જેના કારણે યાર્ડમાં ખુલ્લા પડેલી ખેડૂતોની જણસ પલળી ગઈ. મુખ્યત્વે મરચા, ડુંગળી, તલ, મગ અને અડદ સહિતના વિવિધ પાકોમાં વરસાદી પાણી ફરી વળ્યા.યાર્ડમાં ખુલ્લામાં રહેલી બોરીઓ પલળી ગઈ. પરિણામે ખેડૂતોને ફરી મોટું નુકસાન થયું. મહત્વનું છે કે ગોંડલ માર્કેટ યાર્ડમાં અગાઉ પણ માવઠાને કારણે ખુલ્લામાં પડેલી જણસ પલળી ગઈ હતી. હવામાન વિભાગ દ્વારા સતત માવઠાની આગાહી કરવામાં આવી રહી છે. તેમ છતાં યાર્ડ દ્વારા ખેડૂતોની જણસીને વરસાદથી બચાવવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. પરિણામે યાર્ડની બેદરકારીનો ભોગ ખેડૂતોએ બનવું પડે છે.

### અમદાવાદનો કૌશલ ઝળક્યો, દેશમાં ૫માં ક્રમે

# નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા JEE મેઇન સેશન-૨ પરીક્ષાનું પરિણામ જાહેર

## દેશભરમાંથી ટોપ ૧૦૦માં અમદાવાદના ત્રણ વિદ્યાર્થીઓએ બાજીમારી છે

અમદાવાદ, તા.૨૯

IIT સહિત સંસ્થાઓમાં પ્રવેશ માટે લેવામાં આવતી JEEનું પરિણામ જાહેર થયું છે. જેમાં દેશભરમાંથી ટોપ ૧૦૦માં અમદાવાદના ત્રણ વિદ્યાર્થીઓએ બાજીમારી છે. જેમાં કૌશલ વિજયવર્ગીય વિદ્યાર્થી દેશમાં ૫માં ક્રમે રહી અમદાવાદનો ટોપર વિદ્યાર્થી બન્યો છે અને દેશભરમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા JEE મેઈન સેશન-૨ પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. IIT સહિતની સંસ્થાઓ માટે JEEની પરીક્ષા લેવાય છે. બે ફેઝમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. તે બંને પરીક્ષાઓનું કોમ્બિનેશન કરીને આજે રેંકિંગ આપવામાં આવ્યા છે. જેમાં અમદાવાદનો વિદ્યાર્થી કૌશલ વિજયવર્ગીય ટોપર બન્યો છે. વિજયવર્ગીયએ ગુજરાતમાં ફર્સ્ટ રેંક મેળવ્યો છે અને દેશમાં પાંચમો ક્રમ મેળવ્યો છે.કૌશલ વિજયવર્ગીયએ જણાવ્યું હતું કે, તે સોશિયલ મીડિયાનો માત્ર કામ પૂરતો ઉપયોગ કરે છે. રોજના સાતથી આઠ કલાક ભણવા પાછળ આપે છે અને ભવિષ્યમાં આઈઆઈટી બોમ્બેમાં એડમિશન લઈન CS એન્જિનિયર બનવા માંગે છે. કૌશલના પરિવારમાં તેના માતા, પિતા અને ભાઈ ત્રણેય એન્જિનિયર છે.

અમદાવાદના હર્ષલ સુથારે પણ ઓલ ઈન્ડિયા રેંક ૧૭ સાથે ૧૦૦ પર્સન્ટાઈલ સ્કોર કર્યો છે, જ્યારે સમર્થ પટેલે ઓલ ઈન્ડિયા રેંક ૬૦ મેળવીને ઓલ ઈન્ડિયા રેંક ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું છે. કૌશલ સહિત ટોપમાં કુલ ત્રણ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે બે લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે. આ વર્ષે JEE મેઈન ૨૦૨૩ના બંને સેશન્સમાં લગભગ ૧૧ લાખ ૧૨ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમજ ગયા વર્ષે કુલ ૯,૫૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. મહત્વનું છે કે, સખત પરિશ્રમ કરવાથી ધાર્યું પરિણામ મળી શકે છે. જે અમદાવાદના ટોપર્સ વિદ્યાર્થીઓએ સાબિત કરી બતાવ્યું છે.

### ગુજરાતની ખાનગી-સરકારી સ્કૂલોને મહત્વનો

# ૫ વર્ષથી ૬ વર્ષ સુધીનું શિક્ષણ બાલવાટિકા કહેવાશે

## સ્કૂલોએ કેમ્પસમાં જ શરૂ બાલવાટિકા કરવાની રહેશે તેમજ ધોરણ ૧માં ૬ વર્ષ બાદ જ પ્રવેશ મળશે

અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં બાલવાટિકા શરૂ કરવાને લઈ સરકારે પરિપત્ર જાહેર કર્યો છે. સરકારી, ખાનગી સ્કૂલોએ પોતાના કેમ્પસમાં જ બાલવાટિકા શરૂ કરવાની રહેશે તેમજ ધોરણ ૧માં ૬ વર્ષે થયા બાદ જ પ્રવેશ આપવાનો રહેશે જે બાબતે નવી શિક્ષણ નીતિને લઈને પણ શિક્ષણ વિભાગનો પરિપત્ર બહાર પાડ્યો છે. ૫ વર્ષની ઉમંરથી ૬ વર્ષ સુધી આપવામાં આવતું શિક્ષણ બાલવાટિકા તરીકે ઓળખાશે તેમજ પ્રાથમિક શાળામાં જ બાલવાટિકા શરૂ કરવામાં આવશે તેવું પરિપત્રમાં જણાવ્યું છે. ૧ જૂન ૨૦૨૩ના રોજ ૫ વર્ષ પૂર્ણ કરનાર બાળકને બાલવાટિકામાં પ્રવેશ મળશે તેમજ ૧ જૂન ૨૦૨૩ના રોજ ૬ વર્ષ પૂર્ણ કરનાર બાળકને જ પહેલા ધોરણમાં પ્રવેશ મળશે તેમજ બાલવાટિકામાં ૢઁઞ, ડિપ્લોમા, બીએડ શિક્ષકોની નિમણૂક કરી શકાશે. બાલવાટીકા માટે ૢઁઞ કરેલા શિક્ષકોને રાખી શકાશે.

# ભારતમાં વૈભવી વસ્તુઓ અને જરૂરી વસ્તુઓની કિંમતો વચ્ચે મોટી અસમાનતા

નવી દિલ્હી, તા.૨૯

ભારત વર્તમાન નાણાકીય વર્ષમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. જો કે, ઊંચા ફુગાવાના દર અને ઊંચા બેરોજગારી દર વચ્ચે વૈભવી વસ્તુઓ અને જરૂરી વસ્તુઓની કિંમતો વચ્ચે અસમાનતા જોવા મળી રહી છે. ખોરાક, કપડા અને જીવન જરૂરિયાતની પ્રાથમિક ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં આવકની અસમાનતા જોવા મળી રહી છે. હજુ પણ આ દેશમાં ૮૧૩.૫ મિલિયન ગરીબ લોકોને મફત ભોજનની જરૂર છે.

ઊંચા ફુગાવાના દર અને ઊંચા બેરોજગારી દર વચ્ચે વૈભવી ચીજવસ્તુઓ અને અન્ય મૂળભૂત ઉપભોક્તા ચીજવસ્તુઓની માંગમાં વિશાળ અંતરને અવગણી શકાય નહીં. વિશ્વ સમાનતા રિપોર્ટ ૨૦૨૨ ના ડેટા અનુસાર સંયુક્ત રાષ્ટ્ર વૈજ્ઞાનિક ભાગીદાર સાથે વિકાસમાં સામેલ હતો. ભારત વધતી ગરીબી સાથે વિશ્વના સૌથી અસમાન દેશોમા સામેલ હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં ટોચના ૧૦ ટકા અને ૧ ટકા લોકો કુલ રાષ્ટ્રીય આવકના ૫૭ ટકા અને ૨૨ ટકા હિસ્સો ધરાવે છે.મોટાભાગના ભારતીયો લોકોની મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે લ્ક્ઝરી વસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોટાભાગની વસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ઓછી આવક ધરાવતા પરિવારોને પણ જરૂરી ચીજવસ્તુઓ ખરીદવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા બે મહિનામાં શહેરી બજારોમાં કુલ વેચાણમાં રૂ. ૫, રૂ. ૧૦ અને રૂ. ૨૦ના નાના પેકનું યોગદાન લગભગ ૫ ટકા વધ્યું છે.

પામ તેલ, ઘઉં, ખાંડ અને કોફી જેવી વસ્તુઓના ભાવમાં વધારો થયો છે. માર્ચના આંકડાઓની વાત કરીએ તો ખાદ્યાન્ન અને ઉત્પાદનોનો મોંઘવારી દર ૧૫.૩ ટકા હતો. ગયા મહિને દૂધનો મોંઘવારી દર ૯.૩% હતો. દૂધના ભાવમાં અનેક ગણો વધારો થયો છે, જેની અસર દેશના મોટાભાગના શહેરોમાં જોવા મળી શકે છે.કપડાં અને ફૂટવેરના છૂટક ભાવમાં વાર્ષિક ધોરણે ૮.૨ ટકાનો વધારો થયો છે. ક્લોથિંગ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩માં ભારતના ટેક્સટાઈલ માર્કેટમાં ૧૫ ટકાનો વધારો થયો છે. જેના કારણે વેચાણમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. કંપનીઓ અને અધિકારીઓનું કહેવું છે કે કપાસના ભાવમાં થયેલા જંગી વધારાને કારણે આવું થયું છે.છેલ્લા એક વર્ષમાં બેંગલુરુમાં રહેઠાણોના ભાડામાં ભારે વધારો જોવા મળ્યો છે, જેના કારણે કોર્પોરેટ કર્મચારીઓ આવાસ માટે સંઘર્ષ કરી રહ્યા છે. પ્રોપર્ટી બ્રોકર્સ દાવો કરે છે કે ભારતના સાત મોટા શહેરોમાં છેલ્લા પાંચ વર્ષમાં હાઉસિંગના ભાવ અને ભાડાની ઉપજમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

### સુરતમાં ઓનલાઇન છેતરપિંડીના કિસ્સાઓમાં વધારો

# ઝીંગો પે નામની કંપની ખોલી કરોડો રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી

## યુએસડીટી લઈને તેના રૂપિયા ચૂકવ્યા નથી તેથી આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતા

સુરત, તા.૨૯

સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. જેમાં ફરિયાદી દ્વારા આપવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યો હતો કે, તેમની સાથે ઓનલાઈન છેતરપિંડીની ઘટના બની છે.

કેટલાક કિસ્સામાં છેતરપિંડીથી તેમની પાસેથી યુએસડીટી લઈને તેના રૂપિયા ચૂકવ્યા નથી. તેથી આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ૧૫ માર્ચ ૨૦૨૩થી ૮ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન હસન નામના વ્યક્તિનો ફોન તેમના પર આવતો હતો અને આરોપીએ ફરિયાદી પાસેથી USDTના બદલામાં પૈસા આપવાનું જણાવ્યું હતું. તેથી ફરિયાદીએ આરોપીને ટુકડે ટુકડે ૮ એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ૨,૪૦,૨૨૨ USDT ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ આરોપીઓએ કોઈ સોફ્ટવેરની મદદથી એક જ સ્ક્રિનશોટ બનાવ્યો હતો અને ફરિયાદીના ખાતામાં પૈસા ટ્રાન્સફર થયા હોવાનું તેમને જણાવ્યુ હતુ. પરંતુ આરોપીઓએ ફરિયાદીને ૨,૪૦,૨૨૨ USDTના બદલામાં એક પણ રૂપિયો ચૂકવ્યો ન હતો અને આ મામલે ફરિયાદી સાથે આરોપીઓએ ૧.૯૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

આ ગુનાની ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરતા સામે આવ્યું હતું કે, સુબ્રતા દેય સરકાર, MTL બાયદુલ હારુસ, નૂર આલમ, મિયા શકીલ ખાન આ તમામે સાથે મળીને ઝીંગો પે ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નામની એક કંપની ઉભી કરી હતી. આ સમગ્ર મામલે સાઈબર ક્રાઈમ દ્વારા પશ્ચિમ બંગાળમાં રહેતી સુબ્રતા દેય સરકારની અટકાયત કરી સાત દિવસના ટ્રાન્ઝિસ્ટ રિમાન્ડ મેળવી તેને સુરત લાવવામાં આવી છે. સુરત નામદાર કોર્ટમાં રજૂ કરી તેના દસ દિવસના રિમાન્ડ પોલીસ દ્વારા મેળવવામાં આવ્યા છે અને આગામી દિવસમાં આરોપીની પૂછપરછ કરવામાં આવશે કે તેને આ પ્રકારે કેટલા લોકો સાથે છેતરપિંડી કરી છે.

# આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ : અભિવ્યક્તિની સ્વતંત્રતાએ માનવનો મુળભૂત અધિકાર

વિશ્વભરમાં ૩ મેનાં રોજ ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' મનાવવામાં આવે છે આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮માં માનવ અધિકારોનાં સાર્વભૌમત્વ અનુચ્છેદ–૧૯ હેઠળ અભિવ્યકિતની સ્વતંત્રતા અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યુનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩ માં સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ફ૩જી મેના રોજ ''પ્રેસ સ્વતંત્રતા દિવસ'' મનાવવાનું જાહેર કર્યુ હતું. ત્યારથી દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યકિતની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીનાં મૂલ્યોની સુરક્ષા અને તેને પુનઃસ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારે પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રેસ દિવસ ઉજવવા પાછળનો ઈતિહાસ એવો છે કે, ઈ.સ. ૧૯૯૧માં આફ્રિકાનાં પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી. ત્યારે તે પત્રકારોએ ૪ મેના રોજ પ્રેસની આઝાદીનાં સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતું. જેને ''ડિકલેરેશન ઓફ




વિન્ડોક''નાં નામથી ઓળખવામાં આવે છે.

એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુકત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. આજે આ દિવસ ઉજવવામાં આવે છે ત્યારે એ જોવું રહ્યું કે ખરેખર પ્રેસ સ્વતંત્ર છે ખરાં ? લોકશાહીમાં અભિવ્યકિતની સ્વતંત્રતાની સૌ કોઈ નાગરિકને છૂટ હોય છે. પરંતુ આજે આ અધિકાર મીડિયા પાસેથી છીનવાઈ ગયો હોય એવું નથી લાગતું ? ''પત્રકારત્વ''એ ફકત નામ જ નહીં પરંતુ આખો ઈતિહાસ છે. આજે આપણે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યાં છીએ ત્યારે દેશને મળેલી સ્વતંત્રતામાં પત્રકારત્વનો મોટો ફાળો રહ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. ગાંધીજી હોય, ઝવેરચંદ મેઘાણી હોય, અમૃતલાલ શેઠ, કરશનદાસ મૂળજી હોય કે પછી લાલ, બાલ, પાલની ત્રિપુટી કે દેશનાં સર્વ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હોય સૌ કોઈએ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ એ જ કર્યુ છે. પરંતુ આજે મિશનમાંથી કોર્પોરેટ બનેલા પત્રકારત્વમાં પણ વાણી સ્વતંત્રતા કેટલે અંશે જળવાઈ રહી છે તે એક મોટો પ્રશ્ન છે. પત્રકારોને બાહ્ય પરિબળો ઉપરાંત મીડિયાનાં આંતરિક પરિબળો પણ ઘણી વખતે નિષ્ઠાપૂર્વક કામ કરવાથી કે પછી સત્યને છતો કરવાથી રોકતા હોય છે. મીડિયા એ સમાજનો અરિસો છે અને અરીસો જ જો સત્ય નહીં બતાડે તો શું થાય ! દુનિયાના નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતાં હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજજત બુખારી, ચંદ–તિવારી, રાકેશ સિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયર મક્કીની હત્યાએ ઢેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. અભિવ્યકિતની સ્વતંત્રતાને સંપૂર્ણપણે પ્રદશિત કરતો વિશેષ સ્વતંત્રતા દિવસ આ ''પ્રેસ સ્વતંત્રતા દિવસ'' ખરા અર્થમાં ઉજવવો જોઈએ અને ફકત એક દિવસ માટે જ નહીં પરંતુ કાયમ માટે પત્રકારો અને પત્રકારત્વ સ્વતંત્રતા રહી શકે તેવા માહોલનું નિર્માણ કરવું જોઈએ.

– મિત્તલ ખેતાણી
મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯

### પૂર્વ શાસકો અને વર્તમાન અધિકારી વચ્ચે ટકરાવ

# ચલાલાનાં ચીફ ઓફિસરનાં જુઠ્ઠાણાનો પર્દાફાશ કરતાં પાલિકાનાં પૂર્વ પ્રમુખ

### શહેરીજનોની સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી

ચલાલા, તા. ૨

ચલાલા નગરપાલીકાના ઈન્ચાર્જ ચિફ ઓફિસરે ગઈ તા. ૧૮/૪નાં કટકટાટ, નાણાભીડ અને પગાર નથી થતાં એવા ખોટા ફઅને હળાહળ જુઠાણા તળે ચલાલા નગરપાલીકામાં જુદા જુદા વિભાગમાં નિષ્ઠા અને પ્રમાણીકથી કામ કરતાં રોજમદાર કર્મચારીને અગાઉ કોઈ જ જાણ કર્યા વગર કે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર વાંક ગુના વગર એકી સાથે જા હુકમીથી ૧૪ નિર્દોષ કર્મચારીને ફરજ મુકત કરી દીધા હતા ત્યારબાદ સફાઈકામદારો સહિત જુદા જુદા વિભાગના કુલ મળી ૮૧ કર્મચારીએ પોતાની ફરજ મુકી દઈ ૧૪ કર્મચારીના સમર્થનમાં જોડાયા છે અને શહેરની બદતર હાલત કરી શહેરીજનોને ભારે મુશ્કેલીમાં મુકી દીધા હતા ત્યારે આજે ચલાલા ન.પા.કચેરીએ ચિફ/વહીવટદાર આવ્યા હતા ત્યારે ન.પા.નાં પૂર્વ ઉપપ્રમુખ જયરાજભાઈ વાળાએ બન્ને અધિકારીઓને મળી રેકર્ડ પરની હકિકત બતાવી જણાવ્યું હતું કે ૨૦૧૯માં જે કર્મચારીઓ ઓફીસમાં અને પાણી પુરવઠા વિભાગમાં કામ કરતા હતા તેટલા જ કર્મચારીઓ અત્યારે ફકામ કરે છે. ૨૦૧૯નું સેટઅટ



છે તેજ પ્રમાણેની સંખ્યામાં અત્યારે કર્મચારીઓ કામ કરે છે. તો ચિફ ઓફિસરે સેટઅપ વધારે છે તે બહાના હેઠળ ૧૪ રોજમદાર કર્મચારીઓને ફરજમુકત કરેલ છે તે તદ્દન ખોટી વાતથ છે તો ચિફ ઓફિસરે શા માટે આ ૧૪ કર્મચારીને ફરજ મુકત કર્યા ? કોના ઈશારે આવો તઘલખી નિર્ણય લીધો ? કોને રાજી રાખવા શહેરની ૪૦ હજાર વસ્તીને બાનમાં લીધી ૨૦૧૯માં ૫૦ કર્મચારીનું મહેકમ હતુ અને આજે ચાર વર્ષ બાદ પણ ૫૦નું મહેકમ છે તો આ માટે લોકોને હેરાન પરેશાન કર્યા છે. તેવો સવાલ પૂર્વઉપપ્રમુખ જયરાજભાઈ વાળા આક્રોશ સાથે પૂછી રહ્યાં છે.

### રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર સહિતનાં વિષયો શરૂ

# આનંદો : બગસરાની સરકારી વિજ્ઞાન કોલેજમાં બી.એસ.સી. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ

### વધુ વિગત માટે મો.નં. ૮૧૪૧૯૪૫૧૧૯ પર સંપર્ક કરો

અમરેલી, તા. ૨

રાજયમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થઈ ગયું છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ બેચલર ઓફ સાયન્સ (બી.એસ.સી.)નો અભ્યાસક્રમ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનિઓ માટે રાજય સરકારના શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંલગ્ન સરકારી વિજ્ઞાન કોલેજ, બગસરા ખાતે બી.એસ.સી પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ છે. આ કોલેજ ખાતે બી.એસ.સી. રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિત શાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર સાથે અભ્યાસ કરી શકાય છે.

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ, બગસરા ખાતે શરૂ છે. તે આ કોલેજના બીજા શૈક્ષણિક વર્ષમાં આ સંસ્થા ખાતે અભ્યાસ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ સરકારી વિજ્ઞાન કોલેજ, રૂમ નં.૨૭, પ્રથમ માળનો સભાખંડ, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ, બગસરા ખાતે રૂબરુ સંપર્ક કરવો. અથવા તો મોબાઈલ નંબર ૮૧૪૧૯ ૪૫૧૧૯, ૯૮૭૯૫ ૩૭૩૯૫, ૯૭૨૨૭૪ ૨૧૧૬૯ અથવા તો gscbagasara @gmail.com પરથી વધુ માહિતી મેળવી શકે છે.

તેમ સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ભટ્ટે એક યાદીમાં જણાવ્યું છે.

# રાજુલા-જાફરાબાદનાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસરને આરોગ્ય વિષયક તાલીમ અપાઈ



રાજુલા, તા. ૨

આયુષ્યમાન ભારત અંતર્ગત સબ સેન્ટર તેમજ પ્રા.આ.કેન્દ્રને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે કાર્યરત કરાતા ગ્રામ્ય તેમજ શહેરી કક્ષાએ બિનચેપી રોગોના સ્ક્રીનીંગ અને ટેલીમેડીસીન સહિતની વિવિધ કામગીરીની સમિક્ષા અને પ્રોગ્રામોની જાણકારી માટે તાલીમ કમ રીવ્યુ મિટીંગનુ આયોજન સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે કરાયુ. જેમા રાજુલા–જાફરાબાદના ૨૭ કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો હાજર રહેતા જન આરોગ્ય સમિતિ અને ૧૨ સર્વિસીસ વિશે માહિતગાર કરાયા.

ભારત સરકારના નેશનલ કવોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ પ્રમાણે આવનારા સમયમા રાજુલા જાફરાબાદ ના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોને કાર્યાન્વિત કરવા માટે જીલ્લા ક્વોલીટી મેડિકલ ઓફિસર ડો.આર.કે.જાટ દ્વારા જણાવી તેના વિશે જરૂરી માહિતી અપાઈ તેમજ કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની ડેઈલી ફરજો વિશે જીલ્લા નોડલ ડો.સોનલબેન, ટેકો+ સાફટવેર ની કામગીરી વિશે ડો.કિરણબેન દ્વારા જરૂરી માહિતી આપી આ મિટિંગમા હાજર તાલુકા હેલ્થ ઓફિસર ડા.એન.વી.કલસરીયા અને સાગરભાઈ દ્વારા નેશનલ કવોલીટી સ્ટાન્ડર્ડ પ્રમાણે આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત કરાશે તેવુ જણાવેલ.

સોશ્યલ બિહેવીયર ચેન્જ કોમ્યુનિકેશન વિશે સંજયભાઈ લહેરી દ્વારા જણાવી દરેક લોકોને આરોગ્યની યોજનાઓ વિશે માહિતગાર કરવા પર ભાર મુકેલ તેમજ ભારત સરકારના સ્ટાન્ડર્ડ પ્રમાણે કામગીરી કરી લોકોની આરોગ્ય સુવિધાઓ વધારવા માટે રાજુલા તાલુકા નોંડલ ડો.હિમા હડિયા અને જાફરાબાદ નોડલ ડો.રીતલ બાંભણીયા દ્વારા કટ્ટીબદ્ધતા દર્શાવી દરેક લોકો દ્વારા નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે એક વાર અવશ્ય બીપી અને ડાયાબીટીસનુ નિદાન કરાવી ડિઝીટલ હેલ્થ આઈ.ડી.કાર્ડ કઢાવે તેવુ તાલુકા હેલ્થ ઓફિસર ડા.એન.વી. કલસરીયાની યાદીમા જણાવેલ છે.

# લીલીયા મોટા ખાતે સમલૈંગિક વિવાહને કાનૂની માન્યતા ન આપવા આવેદન પાઠવાયું



લીલીયા, તા. ૨

આજરોજ લીલીયા મોટાની મામલતદાર કચેરી ખાતે સમલૈંગિક લગ્ન અને સંબંધો સામાજિક વ્યવસ્થા માટે જોખમી હોય ત્યારે લીલીયા તાલુકાનાં વિવિધ સંગઠનો સ.માજનાં આગેવાનો દ્વારા લીલીયા મામલતદાર યુ.ડી. વાઢિયા મારફત રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવવામાં આવેલ. જેમાં તમામ ફસમાજના લોકો દ્વારા એક જ માંગ કરવામાં આવેલ કે કોઈ પણ સંજોગે સમલૈંગિક લગ્ન અને સંબંધોના કાયદાને મંજૂરી ન મળે આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી ડાયમંડ એસોસિયેશન ભુપતભાઈ ધામત, કમલેશબાપુ અગ્રાવત, નટુબાપુ, સુરેશભાઈ શેખલીયા, માઢક, એડવોકેટ દવે, ગણપત બાપુ, ઈમરાન પઠાણ, આર.બી. ભાલાળા, કલ્પેશ વિરાણી, લાલાભાઈ પાઠક સહિતનાં દરેક સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.

### વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું શૈક્ષણિક કેલેન્ડર જાહેર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે કેલેન્ડર જાહેર કર્યું

### વર્ષદરમિયાન વિદ્યાર્થીઓને ૨૧ દિવસનું દિવાળી તો ૩૫ દિવસનું ઉનાળું વેકેશન મળશે

ગાંધીનગર, તા. ૨

વર્તમાન શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું કેલેન્ડર જાહેર કરી દેવામાં આવ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખો, દીવાળીની રજાઓ, ઉનાળુ વેકેશન સહિત તમામ તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ગુજરાતના શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી નવું શિક્ષણ સત્ર ૫ જૂનથી શરૂ થશે અને ૮ નવેમ્બર સુધી પ્રશમ સત્ર રહેશે. એટલે કે પ્રથમ સત્રમાં ૧૨૪ દિવસનો અભ્યાસ કરવાનો રહેશે. ત્યારબાદ ૨૧ દિવસનું દીવાળી વેકેશન ૯ નવેમ્બરથી શરૂ થશે. ત્યારબાદ ૩૦ નવેમ્બરથી બીજા સત્રનો પ્રારંભ થશે. નવા શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓને કુલ ૮૦ દિવસની રજાઓ મળશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૧ માર્ચથી શરૂ થશે. જ્યારે ૨૮ માર્ચે પૂર્ણ થશે. ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થશે. તો પ્રથમ સત્રની પરીક્ષા ૩ ઓક્ટોબરથી લેવાશે.

### જસદણ પોલીસ સ્ટેશન ઉપક્રમે અંધશ્રદ્ધા નિવારણનો કાર્યક્રમ સંપન્ન

# અંધશ્રદ્ધાની મુક્તિ માટે સહિયારો પ્રયાસ જરૂરી : ડીવાયએસપી ઝાલા

### ૨૧મી સદીમાં અંધશ્રદ્ધાના બનાવો દુઃખદ : જયંત પંડયા



અમદાવાદ, તા. ૨

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી, ગોંડલ વિભાગીય કચેરી તથા જસદણ પોલીસ સ્ટેશન ઉપક્રમે ગ્રામ્ય આગેવાનો, જાગૃતોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. અંધશ્રદ્ધાની મુકિત માટે સહિયારો પ્રયત્ન જરૂરી ઉપરાંત જસદણ–વિંછીયા પંથકમાં લોકોમાં અંધશ્રદ્ધા દૂર થાય તે માટે જાથાના પ્રયાસોની માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૨૧ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન ગોંડલ વિભાગીય કચેરીના ડીવાય.એસ.પી. કિશોરસિંહ ઝાલાએ કરી જણાવ્યું કે વર્તમાન સમયમાં વિંછીયાની દુઃખદ ઘટના આઘાતજનક છે. પોતાના વિસ્તારમાં અંધશ્રદ્ધા દૂર થાય તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવશે. પોલીસ સ્ટેશન લોકો વચ્ચે કામગીરી કરશે તેમાં જાથાનો સહયોગ લેવામાં આવશે. જાગૃતોની વિશાળ સંખ્યામાં હાજરીથી પ્રભાવિત થયો છું. જસદણ પોલીસ સ્ટેશનને અભિનંદન પાઠવ્યા હતા.

જસદણ પો. ઈન્સ. તપન જાનીએ સ્વાગત કરી કાર્યક્રમના હેતુમાં જણાવ્યું કે આ વિસ્તારમાં અંધશ્રદ્ધા વધુ જોવા મળે છે. પોલીસ પણ સમાજનું અંગ છે તેમ ફરજ સમજી સામુહિક મદદ મેળવી અંધશ્રદ્ધા દૂર કરવા કાર્યક્રમો આપવામાં આવશે. અમોને ગાંધીનગર ડી.જી.પી. ઓફિસ, આઈ.જી.પી. કચેરી, પોલીસ અધિક્ષકની સુચનાથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો તેમાં વિજ્ઞાન જાથાએ સંમતિ આપતા આભાર વ્યકત કરું છું.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ ઉદ્‌બોધન સાથે પ્રશ્નોના જવાબ આપ્યા હતા તેમાં વિંછીયાની ઘટના હૃદયદ્રાવક છે. બે બાળકોની જીંદગી બદતર હાલત ન થાય તેની ચિંતા છે. માતા–પિતાની છત્રછાયા ગુમાવ્યા હોય તેવા સંતાનોની કથની અતિ કરૂણ હોય છે. બાળ ઉછેર કઠોર શ્રમ, અપમાનમાં વિતે છે. અમુક કિસ્સામાં પીડિત બાળકો જાથા સમક્ષ બોલ્યા છે કે અમારા મા–બાપ સાથે અમોને પણ લેતા ગયા હોત તો સારું હતું. આવા પીડિત બાળકોની વાત કરૂણાજનક હોય છે. બીજા પાસેના ઉછેરમાં તફાવત હોય તે સ્વાભાવિક છે. જેથી જસદણ–વિંછીયા પંથકમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે જાથા કાર્યક્રમો આપશે. એક મહિના પછી શેરી નાટક કરી લોકોને જાગૃત કરવામાં આવશે. જેનો પ્રારંભ વિંછીયા ખાતેથી શરૂ કરવામાં આવશે. આ વિસ્તારમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વધુ છે. ભુવાઓનું ગ્રામ્ય સ્તરે વર્ચસ્વ વધુ જોવા મળે છે. સહિયારો પુરુષાર્થ અને સાથ–સહકારથી અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવશે. ગામડાના પ્રશ્નો ઉકેલાય તે સંબંધી પણ કાર્યવાહી કરવામાં આવશે. જાથા અને પોલીસ સંયુકત કામગીરી કરશે.

જાથાના જયંત પંડયાએ પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે દેશમાં મૃત્યુ પછી તુરંત શરીરના અવયવ દાન કરવામાં લોકો હિચકિચાટ અનુભવે છે. જુની વિચારસરણીનું વળગણ સાથે જાગૃતિનો અભાવ જોવા મળે છે. અવયવ દાન કરવાથી મૃત વ્યકિત જીવિતનો અહેસાસ થાય છે. ગામેગામ જનજાગૃતિ કેળવવાથી ભવિષ્યમાં પરિણામ આવશે તેવું જાથા આશાવાદી છે. અવયવ દાન કરનારા પરિવારોનું સન્માન થવું જોઈએ સાથે વર્તમાનપત્રો મદદ કરે છે તેનું જાથા સાક્ષી છે. ભારતમાં અવયવ દાન કરનારા દાતાઓની સંખ્યા ઘણી ઓછી છે તેમાં અનેક કારણો છે.

દર વર્ષે આશરે ૩ લાખ ભારતીયોને કિડની નિષ્ફળ જવાની સમસ્યા નડે છે તેમાંથી માત્ર ૫,૦૦૦ પાંચ હજાર દર્દીઓ પર જ પ્રત્યારોપણ થઈ શકે છે. રાજયમાં ચક્ષુદાન, દેહદાનની સંખ્યામાં નોંધપાત્ર જાગૃતિ જોવા મળે છે. અંગદાન કરનારાની જ્ઞાતિ, સમાજે કદર કરવાનો અવસર છે. જાથાએ જનજાગૃતિ મારફતે બિડુ ઝડપ્યું છે. વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો, ભૂત, પ્રેત, પિતૃ, સુરાપુરા, ગ્રહ નડતર ઉપર વૈજ્ઞાનિક સમજ સાથે ધારદાર વકતવ્ય આપી જણાવ્યું કે કુદરતના દરબારમાં માનવી જ સર્વાંગ સમજ શકિત, વિવેક બુદ્ધિશાળી પ્રાણી છે તેમાં પણ માણસ સિવાય કોઈ પ્રાણી ભગવાન, અલ્લાહની કલ્પના કરતું નથી. આજે અભણ કરતાં શિક્ષિતો વધુ અંધશ્રદ્ધાળુ જોવા મળે છે. વિજ્ઞાનનો ઉપભોગ કરનારા અંધશ્રદ્ધામાં રચ્યા–પચ્યા રહે છે. ગ્રહણો માત્ર ને માત્ર ખગોળીય ઘટના, ભૂમિતિની રમત માત્ર છે છતાં વર્ષો પૂર્વેનું વળ ગણ ચાલુ છે. અવકાશી ઘટનાને માનવજીવન સાથે સ્નાનસૂતક સંબંધ નથી, ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી તેવું વિજ્ઞાને સાબિતી પુરાવા આપ્યા છે.

વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ–ભસ્મ, લોહી નીકળવું, રૂપિયાનો વરસાદ, હાથ–માથા ઉપર દીવા રાખવા, નજરબંધી, બેડી તુટવી, ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી, જીભની આરપાર ત્રિશુલ નાખવું વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા પો.ઈન્સ. તપન જાનીના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. નટવરગીરી કલ્યાણગીરી, એ.એસ.આઈ. ભુરાભાઈ હીરાભાઈ, હેડ કોન્સ્ટે. અરૂણભાઈ રામજીભાઈ, ધનજીભાઈ કુમરખાણીયા, રમેશભાઈ બોદર, દિનેશભાઈ વિરજીભાઈ, શૈલેષભાઈ દેવજીભાઈ, હેડ કોન્સ્ટે. ભારતીબેન ધીરૂભાઈ, પો. કોન્સ્ટે. ગીતાબેન દેવરાજભાઈ, સમગ્ર પોલીસ સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરી હતી.

જાથાના વિનુભાઈ લોદરીયા, જે. ડી. ઢોલરીયા, સંજય સખીયા, જયસુખ રામાણી, કિશોર કાંગડીયા, ભયલુભાઈ ધાધલ, કિરીટભાઈ લોદરીયા, જયદીપભાઈ જોધાણી, યોગેશભાઈ સખીયા, અશ્વિનભાઈ તળાવીયા, રિતેશભાઈ ભાદાણી, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી અને રામભાઈ આહિરે પ્રયોગ નિદર્શનમાં ભાગ લીધો હતો.

રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ હેન્ડલુમ ડિપ્લોમાં કરો

# રાજસ્થાન ખાતે 3 વર્ષનાં હેન્ડલુમ ટેકનોલોજી કોર્ષમાં પ્રવેશ માટે અરજી કરવા અનુરોધ

### ૩૧ મે સુધીમાં અરજી કરી પ્રવેશ મેળવી લો

અમરેલી, તા. ૨

ભારત સરકાર સંચાલિત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી જોધપુર (રાજસ્થાન) ખાતે જુલાઈ–૨૦૨૩થી શરૂ થતાં ત્રણ વર્ષના ડિપ્લોમા ઈન હેન્ડલુમ ટેકનોલોજી કોર્સના પ્રથમ વર્ષ સુધા બીજા વર્ષ (એલ.ઈ.સીસ્ટમ) માં પ્રવેશ મેળવવા ઈચ્છતા લાયકાત ધરાવતા ઉમેદવારોએ આગામી તા.૩૧ મે, ૨૦૨૩ સુધીમાં અરજી પહોંચાડવાની રહેશે. કોર્ષમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ધો.૧૦ અંગ્રેજી વિષય સાથે ૩૫ ટકા માકર્સ પાસ કરેલું હોવું જોઈએ.

કોર્ષમાં બીજા વર્ષમાં (એલ.ઈ.સીસ્ટમથી) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ધો.૧૨ મેથેમેટીકસ, ફીઝીકસ અને કેમેસ્ટ્રી વિષય માથે પાસ કરેલું હોવું જોઈએ અથવા કોઈ પણ ટેક્ષટાઈલ ડીસિપ્લીનમાં વ્યવસાયિક પ્રવાહ સાથે ધો.૧૨ પાસ અથવા ધો.૧૦ પાસ સાથે ૦૨ વર્ષ આઈ.ટી.આઈ. નો કોર્ષ કરેલ હોવો જોઈએ. ઉમેદવાર(અનુ. જાતિ અને અનુ. જનજાતિ સિવાય) ની વય મર્યાદા તા.૧/૭/૨૦૨૩ ના રોજ ૧૫થી ૨૫ વર્ષ હોવી જોઈએ તથા અનુ.જાતિ અને જનજાતિના ઉમેદવારો માટે ૧૫ થી ૨૭ વર્ષની હોવી જોઈએ. ત્રણ વર્ષના કોર્ષ માટે પસંદ થયેલ ઉમેદવારને તેની નિયમિતતા અને કામગીરી ધ્યાને લઈ રૂ.૨૫,૦૦૦ લેખે માસિક શિષ્યવૃતિ (૫૦% રાજય સરકાર તથા ૫૦% કેન્દ્ર સરકાર તરફથી) ચુકવવામાં આવશે. ઉમેદવારોને આ તાલીમ દરમ્યાન સંસ્થાના નિયમોનુસાર રહેવા જમવાના લાઈટબીલ, ટયુશન ફી વગેરે તાલીમ દરમિયાન થનાર ખર્ચ રૂા. ૨૬,૯૫૦ તેમજ દરેક તાલીમાર્થીને આનુષાંગિક ખર્ચ પેટે વાર્ષિક રૂા. ૨૪,૦૦૦ની સહાય ગુજરાત સરકારના ઠરાવ અનુસાર મળવાપાત્ર થશે. પસંદગી પામેલા ઉમેદવારે સ્ટાઈપેન્ડ બોન્ડ આપવાનું રહેશે. ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ હેન્ડલુમ ટેકનોલોજી, જોધપુર (રાજસ્થાન) ખાતે રૂબરૂ પસંદગી માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે.

લાયકાત ધરાવતા ઉમેદવારો એ અરજી પત્રકમાં જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ બ્લોક નં ૭/૨, ઉદ્યોગ ભવન ઘ–૪, સેકટર–૧૧, ગાંધીનગરની કચેરીને તા. ૩૧/૦૫/૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે અરજી મોકલી આપવાની રહેશે. અરજી કરનાર ઉમેદવારોએ પોતાનો મોબાઈલ નંબર અવશ્ય લખવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી(૦૭૯) ૨૩૨૫૯૫૭૬–૫૯૭૮ પર સંપર્ક કરી શકાશે, તેમ જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ ભવન, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલા ખાતે ભાજપા ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા "મન કી બાત" નું શ્રવણનું આયોજન થયું



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૪માં રેડીયોના માધ્યમથી "મન કી બાત" કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રને સંબોધિત કરવાની નવીન પહેલના ભાગરૂપે આજે સાવરકુંડલા શહેરના શકિત કેન્દ્ર, વોર્ડ નંબર ૧ ના બુથ નં.૧૬૨ ના પ્રમુખ અને અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા દ્વારા આ કાર્યક્રમના ૧૦૦માં એપિસોડ નિહાળવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની અંદર ૧૦૦ વિધવા બહેનો, ૧૦૦ આયુષ્માન લાભાર્થી બહેનો, ૧૦૦ ઉજ્જવલા ગેસ લાભાર્થી બહેનો તથા આ આ બુથના સર્વે મતદાતાઓ અને ભારતીય જનતા પાર્ટીના સમર્થકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરનાં

રાજમાર્ગો પર ફરી હતી અને મોટી સંખ્યામાં શહેરીજનોએ શોભાયાત્રામાં જોડાઈને ધન્યતા અનુભવી હતી. શોભાયાત્રાનાં સમાપન બાદ નાગનાથદાદાની મહા આરતી અને બાદમાં મહા પ્રસાદનું આયોજન થયું હતું. જેનો બહોળી સંખ્યામાં શિવભકત શહેરીજનોએ લાભ લીધો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું કમોસમી વરસાદની આગાહી

સંબંધિત વિસ્તારના ગ્રામ સેવક/ વિસ્તરણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર–૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીની એસ.એચ. ગજેરા ઉ.માધ્યમિક વિદ્યાસભા

બદલ હૃદયપુર્વક ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

સૌરાષ્ટ્રના નામાંકિત સંસ્થા જે સૌથી ઓછી ફીમાં સ્માર્ટ કલાસ સાથે શ્રેષ્ઠ શિક્ષણ આપે છે. ગામડાનાં સામાન્ય પરિવારમાંથી આવતા તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી બનાવવા હંમેશા પ્રયત્નશીલ છે. તે માટે ધોરણ ૧૦ માં A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંપુર્ણ ફી પરત કરવામાં આવે છે તેમજ ધો. ૧૧ માં ૧૦૦% ફી પરત કરી પ્રોત્સાહીત કરવામાં આવે છે. ધો. ૧૧ સાયન્સમાં માત્ર ૩૦૦૦૦ ફી માં JEE/NEET અને ગુજકેટની તૈયારીઓ નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા કરાવવામાં આવે છે. ડેઈલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ, કર્વાટરલી એકઝામ તથા સેમેસ્ટર એકઝામ દ્વારા એન્યુઅલ પરિણામની શરૂઆતથી જ તૈયારી કરાવવામાં આવે છે.

આ વર્ષનાં તેજસ્વી તારલાઓમાં (૧) મોવલીયા રાજ ૯૯.૫૮ પીઆર (૨) બારૈયા યશ ૯૮.૨૯ પીઆર (૩) દેવાણી હર્ષ ૯૮.૧૫ પીઆર (૪) ઢોલરીયા જય ૯૩.૫૬ પીઆર. (૫) માંગુકીયા ધ્રૃવિક ૯૩.૩૨ પીઆર (૬) કોલડીયા ધ્રૃવિલ ૯૩.૨૭ પીઆર.

પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા આ સંસ્થા ઉત્તરોતત્તર પ્રગતી કરતી રહે તે માટે સતત આધુનિક શિક્ષણ માટે પ્રયત્નશીલ છે. ટેકનોલોજી દ્વારા શિક્ષણ, A.C. સ્માર્ટ કલાસ અને સ્પોટર્સ ક્ષેત્રે વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરે તે માટે પ્રશિક્ષિત કરવામાં આવે છે તેમજ પ્રોત્સાહક ઈનામો દ્વારા તેમની સફળતાને બીરદાવામાં આવે છે. અમરેલી જિલ્લામાં ઉત્કૃષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે પ્રમુખ વસંતભાઈ ગજેરા સતત કાળજી લઈ રહયા છે. તેમની હુફ અને માર્ગદર્શનથી આ સંસ્થા HSC બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવીને શાળા, પરિવાર તથા જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્ય માટે પ્રમુખ, ટ્રસ્ટીએ તથા સ્ટાફગણે શુભકામનાં પાઠવી છે.

### મામલતદાર મારફત રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવ્યું

# બાબરા તાલુકા જાગૃત નાગરિક સમિતિનાં નેતૃત્વમાં સમલૈંગિંક વિવાહના વિરોધમાં રજૂઆત

### સમલૈગિંક વિવાહને માન્યતા એટલે સંસ્કૃતિનું પતન

બાબરા, તા. ૨

સુપ્રીમ કોર્ટના સમલૈંગિક વિવાહના કેસ બાબતે બાબરા તાલુકા જાગૃત નાગરિક સમિતિ અને વિવિધ જ્ઞાતિ સમાજ દ્વારા મામલતદાર–બાબરાને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

હિન્દુ લગ્ન સંસ્થા અને સમાજ વ્યવસ્થા સમગ્ર વિશ્વમાં એક આદર્શ રૂપ વ્યવસ્થા તરીકે પ્રતિષ્ઠિત છે. પરંતુ જો સમલૈંગિક વિવાહને માન્યતા આપવામાં આવે તો ભવિષ્યમાં તેની વિઘાતક અસર પડે તેમ હોય અને અનેક વિસંગતતા સર્જાય તેમ હોય માનનીય સુપ્રીમ કોર્ટ આ બાબતે બહોળા લોકમતને ધ્યાને લઈ સમાજ હિતમાં નિર્ણય લે તે બાબતે મહામહિમ રાષ્ટ્રપતિજીને સંબોધીને આવેદન આપવામાં આવ્યું હતું. જેમાં બાબરા તાલુકા અને નગરના નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

### જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા

# અમરેલી જિલ્લાના ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનાં પરીક્ષાર્થીઓને પ્રેરક સંદેશ પાઠવવામાં આવ્યો

### જે પરીક્ષાર્થી સફળ થયા નથી તેને હિંમતભેર પુનઃ પ્રયાસ કરવા જણાવ્યું



સાવરકુંડલા, તા. ૨

આજરોજ ગુજરાત હાયર સેકન્ડરી ધોરણ બારના વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. ધોરણ બારમાં જવલંત સફળતા પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ પાનસુરીયા દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે જયારે અનઉતિર્ણ તમામ વિદ્યાર્થીઓને હિંમત હાર્યા વગર ફરી ખુબ જ ઉમંગ અને ઉત્સાહ સાથે પૂરા જોશથી આજથી જ મહેનત શરૂ કરી દેવી. યાદ રાખવુ આ જીવન એક જંગ છે જેમાં પરિસ્થિતિનો બહાદુરીપૂર્વક સામનો કરવાથી અંતે વિજય પ્રાપ્ત થાય જ છે. રાત્રિ પછી પ્રભાત થાય છે એ કુદરતી સિધ્ધાંતને મનમાં રાખીને મહેનત કરવાથી ઈશ્વર પણ ફળ આપે છે. એ સમજ મનમાં દ્રઢ કરવી. આ તો પરીક્ષા છે આવશે અને જશે. માનવજીવન અનમોલ છે એનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો એ જ જીવનનો અંતિમ સાર છે.

સંકુલ KG થી ધો. ૧૦ બન્ને મિડીયમ – ગર્લ્સ સ્કૂલ હોસ્ટેલ
સંકુલ ધો. ૧૧–૧૨ બન્ને મિડીયમ – આર્ટસ કોમર્સ સાયંસ
★ આર્ટસ સાયકોECO. – સોસીયો ફીલો / ઈતિહાસ ભૂગોળ – સાયંસ JEE-NEET – ગુજકેટ નિઃશુલ્ક – કોમર્સ ગુજરાતી મિડીયમને ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ.
★ ઈંગ્લીશ મિડીયમ ICSE દિલ્હી બોર્ડ & GSEB ગુજરાત બોર્ડ સ્કૂલ
★ ધો.૧૦–૧૨ બોર્ડ A1–A2 ગ્રેડને ધો.૧૧–૧૨ પૂર્ણ – અર્ધી સ્કૂલ ફી માફ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન: [illegible] Ad019

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૩૭ | ૧૩૭૨ |
| ૨ | શિંગ મોટી | ૧૨૫૦ | ૧૪૦૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૫૦ | ૧૭૨૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૭૨૭ |
| ૫ | તલ સફેદ | ૨૫૫૦ | ૩૪૦૨ |
| ૬ | તલ કાળા | ૨૬૯૮ | ૨૭૯૦ |
| ૭ | બાજરો | ૫૧૭ | ૫૪૭ |
| ૮ | જુવાર | ૬૧૦ | ૭૭૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૩૮૧ | ૪૮૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૩૮૧ | ૪૬૫ |
| ૧૧ | ચણા | ૬૭૫ | ૯૬૧ |
| ૧૨ | તુવેર | ૬૭૫ | ૧૫૫૦ |
| ૧૩ | કપાસ | ૧૧૪૨ | ૧૬૫૩ |
| ૧૪ | એરંડા | ૧૧૧૧ | ૧૧૩૨ |
| ૧૫ | જીરૂ | ૩૬૬૦ | ૮૨૨૫ |
| ૧૬ | રાય | ૧૦૨૮ | ૧૦૨૮ |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૫૧૦ |
| ૧૮ | ધાણી | ૧૦૪૨ | ૧૭૬૦ |
| ૧૯ | મેથી | ૯૦૦ | ૧૦૬૦ |
| ૧૯ | સોયાબીન | ૯૬૫ | ૯૯૦ |
| ૨૦ | સુવાદાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૩૦ | ૧૬૨૧ |
| ૨ | ચણા | ૯૫૧ | ૯૬૨ |
| ૩ | જુવાર સફેદ | ૭૦૧ | ૭૦૧ |
| ૪ | સોયાબીન | ૮૦૦ | ૯૬૧ |
| ૫ | બાજરો | ૫૨૫ | ૫૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૧૧૧ | – |
| ૨ | શીંગ જીણી | ૧૧૫૦ | ૧૪૨૫ |
| ૩ | શીંગ મોટી | ૧૧૫૫ | ૧૪૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૩૫૦ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૨૮૦૦ |
| ૬ | જીરૂ | ૭૮૦૦ | ૮૩૫૦ |
| ૭ | કપાસ | ૧૩૭૫ | ૧૬૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૦ |
| ૧૦ | વાલ | – | ૪૦૦ |
| ૧૧ | જુવાર | ૫૫૦ | ૮૮૦ |
| ૧૨ | મકાઈ | ૪૩૫ | ૫૦૦ |
| ૧૩ | મગ | ૧૬૫૦ | ૧૭૬૧ |
| ૧૪ | અજમા | ૧૫૦૦ | ૧૯૫૨ |
| ૧૫ | ચણા સફેદ | ૮૩૦ | ૧૩૦૦ |
| ૧૬ | ચણા | ૮૫૦ | ૯૬૧ |
| ૧૭ | ચણા દેશી | ૯૦૦ | ૧૦૫૧ |
| ૧૮ | તુવેર | ૧૩૦૦ | ૧૬૦૧ |
| ૧૯ | એરંડી | ૧૦૫૦ | ૧૧૭૫ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૨૧ | રાય / રાયડો | ૯૯૦ | ૧૧૦૦ |
| ૨૨ | ધાણા | ૧૧૦૭ | ૧૨૦૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૦ | ૧૬૫૨ |
| ૨ | મગફળી | ૧૨૪૧ | ૧૩૬૯ |
| ૩ | જીરૂ | ૪૮૩૦ | ૮૧૦૦ |
| ૪ | ઘઉં | ૩૮૫ | ૪૪૫ |
| ૫ | ચણા | ૯૪૩ | ૯૮૭ |
| ૬ | તુવેર | ૧૨૩૦ | ૧૪૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૬૩૫ |
| ૨ | ધાણા | ૧૦૯૫ | ૧૧૪૦ |
| ૩ | ચણા | ૭૧૦ | ૯૪૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૫ |
| ૫ | તુવેર | ૧૩૦૫ | ૧૪૮૫ |
| ૬ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૫ |
| ૭ | સોયાબીન | ૯૪૦ | ૯૬૧ |
| ૮ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૪૭૦ |
| ૧૦ | એરંડા | ૧૧૨૪ | ૧૧૨૪ |
| ૧૧ | મગ | ૧૧૨૫ | ૧૭૯૫ |
| ૧૨ | મગફળી | ૧૩૦૦ | ૧૩૨૦ |
| ૧૩ | સફેદ ચણા | ૯૬૫ | ૯૬૫ |
| ૧૪ | છોલે ચણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૫ | શીંગ ફાડા | ૧૪૮૫ | ૧૪૮૫ |
| ૧૬ | શીંગદાણા | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૧૭ | બાજરો | ૪૫૫ | ૪૫૫ |
| ૧૮ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૫૫ | ૧૬૧૦ |
| ૨ | મગફળી | ૧૩૦૧ | ૧૪૦૧ |
| ૩ | ઘઉં | ૪૦૧ | ૪૪૨ |
| ૪ | ચણા | ૮૦૦ | ૯૨૮ |
| ૫ | દેશી ચણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૬ | ધાણા | ૧૧૨૩ | ૧૧૩૬ |
| ૭ | તલ | ૨૫૧૫ | ૨૫૧૫ |
| ૮ | મેથી | ૭૫૫ | ૧૨૭૦ |
| ૯ | જીરૂ | ૭૭૨૫ | ૭૭૨૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૭૨૬ |
| ૧૧ | એરંડા | ૧૧૦૫ | ૧૧૩૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૧૬ | ૫૩૮ |
| ૨ | જુવાર | ૩૭૧ | ૧૦૨૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૨૫ | ૪૫૦ |
| ૪ | તુવેર | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૫ | ચણા | ૬૨૫ | ૯૬૦ |
| ૬ | મેથી | ૯૩૧ | ૯૮૦ |
| ૭ | સોયાબીન | ૯૬૧ | ૯૮૧ |
| ૮ | શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૩૭૫ | ૨૯૫૦ |
| ૧૦ | તલ કાળા | ૨૦૦૧ | ૨૫૦૧ |
| ૧૧ | એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૨ | કપાસ | ૧૨૫૦ | ૧૬૧૧ |

### જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : જાનુબેન બાબુભાઈ સાંખટ, રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી. — ફો.પ.અ.નં.–૫૮/૨૦૨૩, મુદત તા.૨૯/૦૫/૨૦૨૩

::– વિરૂધ્ધ –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : એમ.જે. બારૈયા**

::– જાહેર નોટિસ –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના **પતિ બાબુભાઈ જંડુરભાઈ સાંખટ**નાઓનું **અવસાન તા. ૨૧/૧૦/૧૯૯૦** ના રોજ મોજે ગામ : **જાફરાબાદ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **પતિની મરણ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૨૯/૦૫/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૨ જી, માહે મે, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એ.ડી. ગોહિલ) આસીસ્ટન્ટ | સિક્કો | (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ | (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ |

### જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : જેસલભાઈ ભીમાભાઈ બારૈયા, રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી. — ફો.પ.અ.નં.–૫૯/૨૦૨૩, મુદત તા.૨૯/૦૫/૨૦૨૩

::– વિરૂધ્ધ –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : એમ.જે. બારૈયા**

::– જાહેર નોટિસ –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમની **બહેન કમુબેન ભીમાભાઈ બારૈયા**નાઓનો **જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૪** ના રોજ મોજે ગામ : **જાફરાબાદ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની **બહેનની જન્મ અંગેની નોંધ** કરાવવા હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૨૯/૦૫/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૨ જી, માહે મે, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એ.ડી. ગોહિલ) આસીસ્ટન્ટ | સિક્કો | (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ | (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ |

### જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : જીવીબેન બચુભાઈ બારૈયા, રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી. — ફો.પ.અ.નં.–૫૬/૨૦૨૩, મુદત તા.૨૯/૦૫/૨૦૨૩

::– વિરૂધ્ધ –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : એમ.જે. બારૈયા**

::– જાહેર નોટિસ –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના **પુત્ર સુનિલભાઈ બચુભાઈ બારૈયા**નાઓનો **જન્મ તા. ૩૦/૦૬/૧૯૮૧** ના રોજ મોજે ગામ : **જાફરાબાદ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **પુત્રની જન્મ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૨૯/૦૫/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધા કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૨ જી, માહે મે, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એ.ડી. ગોહિલ) આસીસ્ટન્ટ | સિક્કો | (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ | (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ |

### જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : રમેશભાઈ જાદવભાઈ સાંખટ, રહે. નાગેશ્રી, તા. જાફરાબાદ, જી. અમરેલી. — ફો.પ.અ.નં.–૫૭/૨૦૨૩, મુદત તા.૨૯/૦૫/૨૦૨૩

::– વિરૂધ્ધ –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નાગેશ્રી, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : એમ.જે. બારૈયા**

::– જાહેર નોટિસ –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના **માતા માલુબેન જાદવભાઈ સાંખટ**નાઓનું **અવસાન તા. ૨૯/૦૧/૧૯૯૬** ના રોજ મોજે ગામ : **નાગેશ્રી**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **માતાની મરણ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૨૯/૦૫/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધા કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૨ જી, માહે મે, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એ.ડી. ગોહિલ) આસીસ્ટન્ટ | સિક્કો | (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ | (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ |

### જાગૃત નાગરિક અને પત્રકાર પ્રતાપભાઈ ખુમાણની મદદથી

# સાવરકુંડલાનાં નિવૃત અધિકારીનાં પરિવારને પરેશાન કરનાર શખ્સ વિરૂદ્ધ કાર્યવાહી થઈ

### સીટી પી.આઈ સોનીએ માથાભારે શખ્સને કાયદાનું ભાન કરાવ્યું

અમરેલી, તા.૨

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલાનાં વેગડા વાસમાં રહેતા નિવૃત ઓફિસરનાં પરિવારની છેલ્લા બે વર્ષથી ઉંઘ હરામ કરી નાંખનાર અને તેમની પુત્રવધુને પિયર મોકલી દેવાની ફરજ પાડનાર, તુરી બારોટ ભાવેશ જીવરાજ વેગડીયા જયારે પોલીસનાં હાથમાં ઝડપાઈ ગયો. આ નિવૃત અધિકારી કે જેમની ઉંમર ૮૦ વરસની છે. આખી જિંદગી તેમની ઉપર કુદરત જાણે રૂઠેલી જ રહી છે. આ સંયુકત પરિવારમાં પોતાની વયોવૃદ્ધ પત્ની, ત્રણ દીકરાઓમાં એકનું અગાઉ મર્ડર થઈ ગયું, મરણ જનારનો દીકરો પણ યુવાન વયે કમળાનો ભોગ બન્યો, બીજો દીકરો અપંગ, તેની પત્ની પણ અપંગ એક માત્ર પૌત્ર થેલેસેમિયાગ્રસ્ત, એક યુવાન પૌત્રી, અને સૌથી નાનો દીકરો વધારે પડતો ભલો ભોળો, આંધળો વિશ્વાસ કરનાર જેને કારણે પોતાનો પડોશી જે મિત્રતા દાવે ઘેર આવતો જતો, તે ભાવેશ બારોટની ધીમે ધીમે પોતાની મેલી મુરાદ છતી થઈ. મિત્રની પત્ની ઉપર ધીમે ધીમે જાણે પોતાનો હકક સ્થાપિત કરી દિધો. પછી તો જાણે દરરોજનું રૂટિન થઈ ગયું. દેશી દારૂ પીને ઘરમાં ઘુસી જાય. ડેલી બંધ રાખે તો પથ્થરમારો કરે. આ શખ્સની ધાક એટલી કે પરિવાર પોલીસ ફરિયાદથી પણ ડરે. પરંતુ જયોર સારાયે કુંડલામાં મેથ્સ ટયુટર તરીકે નામનાં મેળવી છે. એવા ધમલ સરને આ કરૂણ કહાની જાણવા મળી ત્યારે તેમણે ક્ષ્યિ આગેવાન અને નિડર પત્રકાર પ્રતાપભાઈ ખુમાણનાં ધ્યાને આ વાત મૂકી ત્યારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, પ્રથમ તો આ પરિવારને પોલીસ ફરિયાદ કરવા હિંમત આપી તૈયાર કર્યા. અને ટાઉન પી.આઈ.ને સત્ય હકીકત જણાવી, આ કુંટુંબ સામૂહિક હિજરત કરે કે આત્મવિલોપન જેવું અતિ ગંભીર



આરોપી – ભાવેશ તુરી બારોટ

પગલું ભરે તે પહેલા પગલાં ભરવા વિનંતી કરી કે તરત જ શહેર પોલીસ ઈન્સ્પેકટર સાર્થક કુમાર સોનીએ એકશન લઈ ભાવેશ તુરી બારોટને ઝડપી પાડી, બરાબરનો સબક શીખવાડયો. ૨૪ કલાક લોકઅપની મહેમાનગતીમાં જ આ ડોનની હવા નીકળી ગઈ. રાત્રે તો ગભરામણ થવા લાગી, પોલીસ દ્વારા માનવીય અભિગમ દાખવી. મોડી રાત્રે જરૂરી સારવાર અપાવી. ખરેખર પોલીસ અધિકારી પ્રંશસાને પાત્ર છે. આ અખબારી યાદીથી સામાનય સાધારણ પરિવારોને ખાસ આગ્રહ ભરી વિનંતી છે કે આવા શખ્સોનાં ત્રાસથી પોતાની વયોવૃદ્ધ પત્ની, ત્રણ દીકરાઓમાં એકનું અગાઉ મર્ડર થઈ ગયું, મરણ જનારનો દીકરો પણ યુવાન વયે કમળાનો ભોગ બન્યો, બીજો દીકરો અપંગ, તેની પત્ની પણ અપંગ, એક માત્ર પૌત્ર થેલેસેમિયાગ્રસ્ત, એક યુવાન પૌત્રી, અને સૌથી નાનો દીકરો વધારે પડતો ભલો ભોળો આંધળો વિશ્વાસ કરનાર જેને કારણે પોતાનો પડોશી જે મિત્રના દાવે ઘેર આવતો જતો, તે ભાવેશ બારોટની ધીમે ધીમે પોતાની મેલી મુરાદ છતી થઈ. મિત્રની પત્ની ઉપર ધીમે ધીમે જાણે પોતાનો હકક સ્થાપિત કરી દિધો. પછી તો જાણે દરરોજનું રૂટિન થઈ ગયું. દેશી દારૂ પી ને ઘરમાં ઘુસી જાય. ડેલી બંધ રાખે તો પથ્થરમારો કરે. આ શખ્સની ધાક એટલી કે પરિવાર પોલીસ



ફરિયાદથી પણ ડરે પરંતુ જયારે સારાયે કુંડલામાં મેથ્સ ટયુટર તીરેક નામનાં મેળવી છે. એવા ધમલ સરને આ કરૂણ કહાની જાણવા મળી ત્યારે તેમણે ક્ષત્રિય આગેવાન અને નિડર પત્રકાર પ્રતાપભાઈ ખુમાણનાં ધ્યાને આ વાત મુકી ત્યારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, પ્રથમતો આ પરિવારને પોલીસ ફરિયાદ કરવા હિંમત આપી તૈયાર કર્યા. અને ટાઉન પી.આઈ.ને સત્ય હકીકત જણાવી, આ કુંટુંબ સામૂહિક હિજરત કરે કે આત્મવિલોપન જેવું અતિ ગંભીર પગલું ભરે તે પહેલા પગલાં ભરવા વિનંતી કરી કે તરત જ શહેર પોલીસ ઈન્સ્પેકટર સાર્થક કુમાર સોનીએ એકશન લઈ ભાવેશ તુરી બારોટને ઝડપી પાડી, બરાબરનો સબક શીખવાડયો. ૨૪ કલાક લોકઅપની મહેમાંનગતીમાં જ આ ડોનની હવા નીકળી ગઈ. રાત્ર તો ગભરામણ થવા લાગી, પોલીસ દ્વારા માનવીય અભિગમ દાખવી. મોડી રાત્રે જરૂરી સારવાર અપાવી. ખરેખર પોલીસ અધિકારી પ્રંશસાને પાત્ર છે. આ અખબારી યાદીથી સામાન્ય સાધારણ પરિવારોને ખાસ આગ્રહ ભરી વિનંતી છે કે, આવા શખ્સોનાં ત્રાસથી ડરીને ઘરમાં ને ઘરમાં ફફડયા કરવાને બદલે બહાર આવો અને પોલીસની મદદ મેળવો. કંઈ પણ મદદની જરૂર જણાય તો અમારો સંપર્ક સાધો. એમ પ્રતાપભાઈ ખુમાણની અખબારી યાદીમાં જણાવાયું છે.

### અમરેલીનાં કલેકટર મારફત સીએમને ''આપ''ની રજૂઆત

# આમ આદમી પાર્ટીનાં પ્રદેશ પ્રમુખની સામે દાખલ થયેલ પોલીસ ફરિયાદ રદ કરો

### નાગરિકોના વાણી સ્વતંત્ર્યને રોકવાની ખોટી પધ્ધતિ બંધ કરો



અમરેલી, તા. ૨

અમરેલી ખાતે આમ આદમી પાર્ટીનાં કાર્યકરોએ કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદન પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવે છે કે, ગુજરાતમાં હમણાં હમણાં સાચા ગુનાઓમાં ભોગ બનનારની ફરિયાદ લેવામાં પોલીસ ટાળટાળી કરે છે અને બંધારણે બક્ષેલા, નાગરિકોનાં વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યકિતના અધિકારો ઉપર તરાપ મારતી ફરિયાદો તાત્કાલિક નોંધે છે.

એક તરફ વેરાવળનાં સુપ્રતિષ્ઠિત ડો. ચગના આપઘાતના બનાવ માટે જવાબદારો સામે પગલા ભરવા માટે એમના દીકરાને હાઈકોર્ટ સુધી જવું પડે છે. બીજી તરફ, રિપોર્ટિંગ કરવા બદલ પત્રકાર પર કેસ દાખલ થાય છે.

એક ટવીટ કરવા બદલ જવાબદાર રાજકીય પક્ષના પ્રદેશ પ્રમુખ ઉપર વિવિધ લગાવીને દાખલ કરીને કેસસ દાખલ કરવામાં આવે છે.

રાજયના નાગરિકોમાં આવી ઘટનાઓ ભયનો માહોલ ફેલાય છે. નાગરિક પોતાની વેદના, લાગણી, અભિપ્રાય વ્યકત કરતા ડર અનુભવે છે.

નાગરિકોમાં આવી ઘટનાઓથી ભયનો માહોલ ફેલાય છે. નાગરિક પોતાની વેદના, લાગણી, અભિપ્રાય વ્યકત કરતા ડર અનુભવે છે.

નાગરિકોમાં ઉભી થતી આ ડરની લાગણી તંદુરસ્ત લોકશાહી માટે ઘાતક છે. રાજય એક પ્રકારના આપખુદ શાસન તરફ આગળ વધી રહ્યું હોય એવો માહોલ ઉભો થાય છે.

''આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી ઉપર ટવીટને આધાર બનાવી સાઈબર ક્રાઈમમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદ તાત્કાલિક રદ કરવામાં આવે'' અને પોલીસને અધિકારીક સૂચના આપવામાં આવે. કે નાગરિકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરે અને ખરેખર ગુનાહિત કૃત્યો થયા હોય એવા બનાવોમાં કોઈપણ ચમરબંધી હોય તો પણ પર વા કર્યા વગર જવાબદારો સામે ગુના દાખલ કરી કાર્યવાહી કરવાની હિંમત દાખવે.

તેમ અંતમાં જણાવેલ છે.

### કૃષિ અને ગ્રામ વિકાસ કો-ઓપ. સોસાયટી દ્વારા

# અમરેલી જિલ્લાનાં કેરીનાં રસિયાઓ માટે શ્રેષ્ઠ કવોલીટીની કેસરનું વેચાણ શરૂ

### સહકારી અગ્રણી મનિષ સંઘાણીનાં વરદહસ્તે પ્રારંભ

અમરેલી, તા.૨

ભારત સરકારનાં સહકાર મંત્રી અમીતભાઈ શાહ દ્વારા સહકારી પ્રવૃતિને આગળ વધારવા અને સહકારી ક્ષેત્રને મજબુત કરવાનાં તેમજ સહકારનાં માધ્યમથી સારી વસ્તુઓ છેવાડાનાં માનવીને મળી રહે તેવા સપનાને સાર્થક કરતા કૃષિ અને ગ્રામ વિકાસ રાજય કો-ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા હાલમાં ચાલી રહેલ કેરીની સીઝન અને અમરેલીની જનતાની માંગને ધ્યાનમાં રાખી ખેડૂતો પાસેથી કેરીની સીધી ખરીદી કરી મંડળીનાં સભાસદો અને અમરેલી જિલ્લાનાં લોકોને દવા વગરની સારી ૧ નંબર, મીઠી અને મધુર કેરી મળી રહે તેવા ઉતમ હેતુથી કૃષિ અને ગ્રામ વિકાસ રાજય કો-ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા અમરેલી ખાતે કરીનું સસ્તા ભાવે અને સારી કોલેટીની



કેરીનાં વેચાણનો શુભારંભ કૃષિ અને ગ્રામ વિકાસ રાજય કો-ઓપરેટીવ સોસાયટી લિ. અધ્યક્ષ મનીષ સંઘાણી વરદ હસ્તે કરવામાં આવ્યો હવે મીઠી અને મધુર દવા વગરની કેસર કેરી લેવા માટે અમરેલીનાં લોકોને બહાર જવાની જરૂર નહી પડે આ સહકારી મંડળીનાં માધ્યમથી અમરેલીમાં જ મળી રહેશે.

### પ્રદેશ યુવા મોરચાનાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષની ઉપસ્થિતિમાં

# બગસરા ખાતે પ્રધાનમંત્રીનાં 'મન કી બાત' કાર્યક્રમનું શ્રવણ થયું

### ૧૦૦માં એપિસોડને લઈને ઉત્સવ જોવા મળ્યો

બગસરા, તા.૨

બગસરા સ્વામીનારાયણ મંદિર ખાતે બગસરા તાલુકા અને શહેર ભારતીય જનતા યુવા મોરચા દ્વારા તા.૩૦/૪/૨૦૨૩ના રોજ દેશનાં યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના લાઈવ 'મન કી બાત'નાં ૧૦૦માં એપિસોડ લઈાવ નિહાળવાનું ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં અધ્યક્ષ પ્રશાંતભાઈ કોરાટ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ માનીય સંઘાણીની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે અમરેલી જિલ્લા ભારતીય જનતા યુવા મોરચાનાં પ્રભારી જયભાઈ શાહ, અમરેલી જિલ્લા ભારતીય જનતા યુવા મોરચાનાં અધ્યક્ષ ચેતનભાઈ શીયાળ, બગસરા શહેર યુવા મોરચાનાં અધ્યક્ષ નીરવભાઈ ગોંડલીયા, બગસરા તાલુકા યુવા મોરચાનાં અધ્યક્ષ રાકેશભાઈ



વઘાસીયા અને તાલુકા શહેરનાં કાર્યકર્તા ઉપસ્થિત રહી આ કાર્યક્રમને નિહાળી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

### ગાયત્રી માતાજીનાં ભકતોમાં આસ્થાનાં ઘોડાપુર


# અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા આગામી બુદ્ધપૂર્ણિમા પર ગૃહે-ગૃહે ગાયત્રી યજ્ઞ અભિયાન

### શુક્રવારે સમગ્ર જિલ્લામાં એક સાથે હજારો ઘરોમાં થશે ગાયત્રી યજ્ઞ

અમરેલી, તા.૨

અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર સંગઠનનાં જિલ્લા સંયોજક મહેશભાઈ મહેતાની યાદી જણાવે છે. કે, અખિલ વિશ્વગાયત્રી પરિવાર, શાંતિકુંજ, હરીદ્વાર દ્વારા માતૃ સત્તાને ભાવંજલિ રૂપે સમગ્ર ભારતમાં અને વિદેશમાં આગામી બુદ્ધ પૂર્ણિમા તા.૫ ને શુક્રવારે સવારે ૮ થી ૧૦ દરમ્યાન, ગૃહે ગૃહે ગાયત્રીયજ્ઞ અભિયાન ચલાવાશે. આ અભિયાનનો ઉદેશ્ય સામુહિકયજ્ઞ દ્વારા પ્રચંડ પ્રાણ ઉર્જાને ઉત્પન્ન કરીને તેને વિશ્વશાંતિ, જનજનમાં દેવત્વનું જાગરણ અને પર્યાવરણ શુદ્ધી માટે સંકલ્પ દ્વારા સમર્પિત કરવાનો છે.

જેના ભાગરૂપે સમગ્ર અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા સમગ્ર જિલ્લામાં પણ ગૃહેગુહે ગાયત્રીયજ્ઞ અભિયાન ચલાવવામાં આવશે. તેમાં જોડાનાર તમામ ધર્મપ્રેમી પરિવારો પોતાની જાતે જ પોતાનાં ઘરે





ગાયત્રીયજ્ઞ કરશે. આ માટે નિઃશુલ્ક હવન સામગ્ર અને સંક્ષિપ્ત દૈનિક સરળ ગાયત્રીયજ્ઞ માટેની કર્મકાંડ માર્ગદર્શક પત્રિકા, જેને પણ પોતાને ઘરે યજ્ઞ કરવો હોય તેને આપવામાં આવશે. જે કોઈ ધર્મપ્રેમી જનતા આ પવિત્ર નિસ્વાર્થ દેવ કાર્યમાં જોડાવા માંગતી હોય તેઓ પોતાનાં નજીકનાં ગાયત્રી પરિવાર કેન્દ્ર અથવા ગાયત્રી પરિવારનાં પરિજનભાઈ – બહેનોનો સંપર્ક સાધી નિઃશૂલ્ક હવન સામગ્રી અને માર્ગદર્શક પત્રિકાબંને મેળવી શકે છે. આહવાન સામગ્રી ઉપયોગી જડીબૂટી અને વનસ્પતિમાંથી બનાવવામાં આવી છે. જેમાં અનાજનો ઉપયોગ થતો નથી. તથા વધારેમાં વધારે ગાયનાં છાણાનો જ યજ્ઞ માટે ઉપયોગ કરવામાં આવે તેવો આગ્રહ કરવામાં આવે છે. કાષ્ઠનો બહુજસિમીત ઉપયોગ કરવામાં આવશે. યજ્ઞ કરનાર આયોજકોને આ અીભયાનની યાદમાં કમસેકમ એક વૃક્ષ વાવીને ઉછેરવાની જવાબદારી લેવા આગ્રહ કરવામાં આવે છે. તો સનાતન ધર્મ પ્રેમી જનતાને વધારેમાં વધારે પ્રમાણમાં વિશ્વ કલ્યાણના આ કાર્યમાં જોડાવા માટે અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર આપને ભાવભર્યુ નિમંત્રણ આપે છે.


## રસોયા બેન જોઇએ છે

માતુશ્રી કુંવરબાઇ કન્યા છાત્રાલય–અમરેલીમાં અનુ.જાતિના મહિલા ઉમેદવારથી રસોયાની–૧ જગ્યા હંગામી ધોરણે ભરવાની છે. જેની શૈક્ષણિક લાયકાત ધો. ૪ પાસ તથા ઉંમર વર્ષ–૨૧ થી ૫૮ વર્ષ છે. રસ ધરાવતા મહિલા ઉમેદવારે પોતાના શૈક્ષણિક લાયકાત તથા અનુભવના અસલ પ્રમાપત્રો સાથે માતુશ્રી કુંવરબાઇ કન્યા છાત્રાલય, ૧૨ એ, સર્વોદય સોસાયટી, ચિલત રોડ, અમરેલી ખાતે બપોરના ૧૧:૦૦ કલાકે રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવા વિનંતી છે.

**બી. કે. હેલૈયા**
પ્રમુખ
ડો. આંબેડકર વિદ્યોતેજક મંડળ
ભાવનગર


# ગીરગઢડા તાલુકાનાં આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં ભરઉનાળે વરસાદ



ઉના, તા. ૨

હવામાન ખાતાની આગાહી વચ્ચે ઉના ગીર ગઢડા તાલુકાનાં ગામોમાં બપોરથી જ અચાનક જોરદાર પલ્ટો આવ્યા બાદ પવનનયા સૂસવાટા સાથે મુશળધાર વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જયારે ગીર ગઢડા તાલુકાના આસપાસનાં ગીર પંથકમાં ભારે પવન સાથે વરસાદ આવતા ખેતીમાં ભારે નુકસાન થવાની આશંકા જગતનાં તાતની કફોડી હાલત થવા પામી હતી.ગીર ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અચાનક જ બપોરના સમયે વાતાવરણમાં પલટો આવતા ધોધમા વરસાદ વરસતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે અને ઉનાળ ાના સમયમાં ચોમાસું બેસી ગયું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે ગુજરાતમાં કમોસમી માવઠાની આગાહી વચ્ચે ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ આકાશ કાળા ડીબાંગ વાદળોથી ગોરંભાયેલુ રહ્યું હતું. અને બપોરનાં સમયે વાતાવરણમાં અચાનક જોરદાર પલ્ટો આવ્યા બાદ મુશળધાર વરસાદ ખાબકયો હતો. જેમાં થોરડી, ભાખા, પીછવી, પીછવા, હરમડિયા એભલવડ, રસુલપરા, કોદિયાં જંગવડ સહિતનાં ગીર વિસ્તારના ગામોમાં વરસાદ પડતા આંબાના બગીચામાં કેરી, મગ, તલ, બાજરી, ડુંગળી સહિતનાં પાકમાં મોટા પાયે નુકસાન થતાં ધરતીપુત્રોને ઉનાળાની શરૂઆતમાં જ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ત્યારે બીજી બાજુ ગીરગઢડા તાલુકાનાં ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### આગ્રા સ્થિત ઉજાલા સિગ્ન્સ રેઈન્બો હોસ્પિટલનાં ડોકટરનો દાવો

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર વિશ્વમાં ૬૦ વર્ષની વય માત્ર ૧૧ ટકા લોકો જ પસાર કરે છે

### ૧૦ મંત્ર દર્શાવીને તેનું અનુકરણ કરવા અનુરોધ


સાવરકુંડલા, તા. ૨

આગ્રા સ્થિત ઉજાલા સિગ્ન્સ રેઈન્બો હોસ્પિટલનાં ડો. નરેન મલ્હોત્રા સ્ત્રી રોગ અને એન્ટી એજીંગ વિશેષજ્ઞ જણાવે છે કે, ૬૦ થી વધુ ઉંમરનાં લોકો માટે ડબલ્યુએચઓ દર વર્ષે એજેડ હેલ્થ કેર દિવસ તરીકે ઉજવે છે. એક સંશોધન મુજબ ૧૦૦માંથી ૧૧ લોકો જ ૬૦ની વય પસાર કરી શકે છે અને ફકત ૮ લોકો જ ૭૦ની ઉંમર પસાર કરેલ છે એટલે કે ૬૦ની ઉંમર વાળા લકકી છે. ૧૦ મંત્ર છે જે ૬૦ કે ૫૦ પસાર કરી ચુકેલા એ ફરજિયાત પોતાના જીવનમાં અપનાવવા.

**પ્રથમ નુસખો છે,** દિવસ દરમિયાન તરસ લાગે કે ન લાગે ઓછામાં ઓછું ૨ લીટર પાણી પીવું જોઈએ. પાણી તમારા શરીરને સ્વચ્છ રાખશે.

**બીજો મુદો છે કે,** જેટલું બને એટલું શારીરિક શ્રમ પડે એવી પ્રવૃત્તિ કરો. આળસુ બની બેઠા ન રહો.

**ત્રીજો નુસખો છે,** ખોરાક ઓછો ખાવો. ખાસ કરીને કાર્બોહાઈડ્રેટ બિલકુલ નહિ. પ્રોટીનયુકત ખોરાક વધારે લેવો. ખાસ કરીને રાત્રે કોઈપણ દાળ, ગ્રીન



સલાડ, ચિકન, મચ્છી ખાઈ શકાય.

**ચોથી મહત્વની બાબત છે કે,** જેટલું બને તેટલું ચાલવાનું રાખો. વાહનનો ઉપયોગ બિલકુલ ઓછો કરો. લિફ્ટને બદલે દાદરનો ઉપયોગ કરો. સાયકલિંગ પણ કરી શકાય.

**પાંચમો અને ખૂબ જ મહત્વનો મુદો છે કે,** ગુસ્સો બિલકુલ ન કરવો. કંઈપણ બોલતા પહેલા મનમાં વિચાર કરવો. ઘણીવાર મગજ કરતા જીભ વધારે સ્પીડથી ચાલે ત્યારે ગુસ્સો આવતો હોય છે.

**છઠ્ઠોમંત્ર છે કે,** હવે પૈસા પાછળ ન દોડવું. એટલું જ કમાવવાનું રાખો કે જેટલું જરૂરી હોય. dont run after money let mobey run after you.

**સાતમો નુસખો છે,** હતાશ ન થાવ. બહુ મોટી અપેક્ષાઓ ન રાખો. તમે ધારો તેમ ન થાય, તમે ઈચ્છો તે વસ્તુ કદાચ ન પણ મળે તો તે બાબત ભૂલી જવી.

**આઠમો મુદો છે કે,** ધન, પદ પ્રતિષ્ઠા આપનામાં અહંકાર પેદા કરે છે માટે આ બધાની અપેક્ષા રાખવી નહિ.

**નવમો મંત્ર છે કે,** વાળ સફેદ થતાં ગયા એટલે બુઢા થઈ ગયા એમ ન માનવું. ખૂબ જ હરો ફરો મજા કરો. નાના બાળકો સાથે રમો.

**છેલ્લો અને દસમો મંત્ર છે કે,** નાના માણસોને પ્યાર કરો, તેમની સાથે હસીને મુલાકાત કરો. કયારેક મોટી મોટી હસ્તીઓ કામ ન કરી શકે તે નાની વ્યકિત તરત જ કરી નાંખે છે.

જિલ્લામાં સૌથી શ્રેષ્ઠ પરિણામ અમરેલીનું ૭૪.૦૯ ટકા

# અમરેલી જિલ્લામાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૭.૯૧ ટકા પરિણામ : A-1માં માત્ર ૧ વિદ્યાર્થી

## A-2 ગ્રેડમાં માત્ર ૨૨ અને B-1માં ૧૦૩ પરીક્ષાર્થી ઉતીર્ણ

અમરેલી, તા. ૨

શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ–૨૦૨૩ માં લેવાયેલ પરીક્ષાનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લાનું ૬૭.૯૧% પરિણામ આવ્યું છે. ગયા વર્ષ કરતા આ વર્ષે પરિણામ ઓછું આવ્યું હોવા છતા પણ વિદ્યાર્થીઓમાં પરિણામ જાણવા માટે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને શાળાઓમાં પણ વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળ્યો હતો. જો કે કેટલાક વિદ્યાર્થીઓ નાપાસ થતાં રડતાં જોવા મળ્યા હતા.

અમરેલી જિલ્લામાં સામાન્ય પ્રવાહની સામે વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જ ઓછી છે અને આ વખતે જયારે બોર્ડ દ્વારા માર્ચમાં પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૧૭૧૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. તેમાંથી ૧૭૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી એ–૧ ગ્રેડમાં ૧, એ–૨ ગ્રેડમાં ૨૨, બી–૧ ગ્રેડમાં ૧૦૩, બી–૨માં ૨૦૫, સી–૧માં ૩૧૮, સી–૨માં ૪૧૦, ૧૦૫ને ડી ગ્રેડ મળ્યો છે. ૫૫૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. અમરેલી જિલ્લાનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું કુલ ૬૭.૯૧% પરિણામ આવ્યું છે.

અમરેલી જિલ્લામાં કુલ ૪ કેન્દ્રો પૈકી સૌથી વધારે અમરેલી કેન્દ્રનું ૭૪.૦૯% પરિણામ આવ્યું છે લાઠી કેન્દ્રનું ૪૫.૯૯ ટકા, સાવરકુંડલા કેન્દ્રનું ૬૩.૪૪ ટકા અને બગસરા કેન્દ્રનું અને સૌથી ઓછું લાઠી કેન્દ્રનું પરિણામ આવ્યું છે.










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)